# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 5 | Issue- 212 | AD-2022, Vaishakh Sud-5, Friday, Dt. -06-05-2022 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




### સુરતના ચકચારી હત્યા કેસમાં કોર્ટનો ચુકાદો : ગ્રીષ્માના પરિવારજનો ન્યાય મળ્યો હોવાનું જણાવી રડી પડ્યાં

# ગ્રીષ્મા હત્યા કેસ : હત્યારા ફેનિલને ફાંસી

સુરત,તા.૫

સુરતના પાસોદરામાં ગત તા.૧૨ ફેબ્રુઆરીએ જાહેરમાં કરાયેલી ગ્રીષ્મા વેકરિયાની હત્યાના કેસમાં હત્યારા ફેનિલ ગોયાણીને કોર્ટે ફાંસીની સજા ફટકારી છે. આજે ચુકાદા પહેલા કોર્ટમાં પહોંચેલા ફેનિલના ચહેરા પર સહેજ પણ ડર કે અફસોસ દેખાયો ન હતો. કોર્ટમાં બંને પક્ષના વકીલ સાથે ગ્રીષ્માના પરિવારજનો હાજર રહ્યાં હતા. મનુસ્મૃતિના શ્લોકથી ચુકાદાની શરૂઆત કરતા જજ વિમલ કે. વ્યાસે કહ્યું હતું કે, દંડ દેવો સરળ નથી, પણ આ રેરેસ્ટ ઓફ ધી રેર કેસ છે. ત્યાર બાદ ફાંસીની સજા ફટકારવામાં આવી છે. કોર્ટે પોતાના ચુકાદામાં યુવા પેઢીને પણ એક સંદેશો આપતા કહ્યું કે, આજની પેઢી મોબાઈલમાં રચી-પચી રહે છે અને હિંસક વેબ સિરીઝ જુએ છે. જજે કહ્યું હતું કે યુવાનો આજે વેબ સિરીઝ સતત



જોતા રહે છે, જેના કારણે તેમની માનસિકતા ઉપર ખૂબ મોટી અસર થાય છે. વેબ સિરીઝમાં સતત અમર્યાદિત હિંસક અને બિભત્સ મૂવી ચાલતી રહે છે. યુવાનોએ પોતાનો સમય સર્જનાત્મકતા તરફ આપવો જોઈએ નહીં કે આવી પ્રવૃત્તિઓ પાછળ કે જે માનસિક રીતે નકારાત્મક વિચારો તરફ લઈ જાય. જજે બે વખત નિર્ભયા હત્યા કેસનો ઉલ્લેખ કર્યો હતો. કોર્ટે કહ્યું કે નિર્ભયા હત્યા કેસમાં પણ આરોપીની ઉંમર ખૂબ ઓછી હતી, છતાં પણ તેમાં ક્રૂર માનસિકતા સામે આવી હતી. બચાવ પક્ષના વકીલ દ્વારા વારંવાર આરોપી ફેનિલને લઈને લઈને દલીલ કરવામાં આવી હતી.

ગ્રીષ્માના પિતાએ જણાવ્યું હતું કે ગ્રીષ્માને ન્યાય મળ્યો છે. અમારી તમામ માગણી પૂર્ણ થઈ છે. અમને ન્યાયપ્રક્રિયા પર સંપૂર્ણ વિશ્વાસ છે. પોલીસથી લઈને મદદ કરનારા તમામ નેતાઓનો આભાર. સરકાર પક્ષના વકીલ નયન સુખડવાલાએ જણાવ્યું હતું કે કોર્ટે ફેનિલ ગોયાણીને સજા સંભળાવી છે. ફેનિલને મૃત્યુદંડની સજા કરી છે. બેને મારી નાખવાના પ્રયાસના કેસમાં પણ સજા ફટકારી છે. ભોગ બનનારને વળતર મળે એવી પણ પ્રક્રિયા કરી છે.

ગત તા.૨૨મીએ આખો દિવસ દલીલો ચાલી હતી, જેમાં સરકારી વકીલે દલીલ કરતાં કહ્યું હતું કે અમારો કેસ માત્ર વીડિયો પર આધારિત નથી. આરોપી ક્રિમિનલ માનસિકતા ધરાવતો હતો અને ગણતરીપૂર્વકની તેણે હત્યા કરી છે.




























સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી

શુક્રવાર, તા.૦૬-૦૫-૨૦૨૨

બસસ્ટેશનમાં મુસાફરો માટે કોઈપણ પ્રકારની સુવિધા નહી

# જાફરાબાદમાં એસ.ટી.વિભાગનો વહીવટ ખાડે, અનેક રૂટ બંધ

જાફરાબાદ,તા.૫

જાફરાબાદ બસસ્ટેશનનો વહીવટ ખાડે ગયો હોવા છતાં કોઈ જવાબદાર આગેવાનો કે નેતાઓ આ બાબતે આગળ આવતા ન હોવાથી નેતાઓ અને તંત્ર સામે શહેરીજનોમાં ભારે રોષની લાગણી પ્રસરી જવા પામી છે. જાફરાબાદમાં નબળી નેતાગીરીને કારણે અનેક બસની સુવિધા ઝુંટવાઈ ગઈ છે. કોડીનાર-અમરેલી વાયા જાફરાબાદ બસ છેલ્લાં ઘણા સમયથી બંધ છે તો સુરત જવા માટે જાફરાબાદથી એકપણ બસ ઉપડતી નથી. આ પહેલા જાફરાબાદ-બારડોલી બસ ચાલતી હતી પરંતુ કોરોનાકાળમાં એસ.ટી.ના બેજવાબદાર અધિકારીઓએ આ બસ બંધ કરી દીધી હતી અને કોરોના નબળો પડયો છે ત્યારે રાજયના તમામ બસસ્ટેશનમાં એસ.ટી.ના રૂટો શરૂ કરવામાં આવ્યા છે પરંતુ જાફરાબાદ પંથક માટે એસ.ટી.ના અધિકારીઓ જાણે ઓરમાયુ વર્તન રાખતા હોય તેવુ લાગી રહ્યુ છે. જાફરાબાદથી મહુવા જવા માટે પણ એકપણ બસ ન હોવાથી મુસાફરોને નાછુટકે


તસવીર : બાબુભાઈ વાટેળ

ખાનગી બસનો સહારો લેવો પડે છે. મહુવા જવા માટે સીધી બસ ન હોવાથી ખાનગી વાહનવાળા મુસાફરોની મજબૂરીનો લાભ લે છે અને બેફામ ભાડુ વસુલતા હોવાની પણ ફરિયાદ ઉઠવા પામી છે. સીધી બસ ન હોવાને કારણે મુસાફરોને નાછુટકે ડબલ ભાડુ આપીને પણ ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડે છે. બસસ્ટેશનમાં મુસાફરો માટે કોઈ સુવિધા નથી. આવી કાળઝાળ ગરમીમાં પંખાની સુવિધા ન હોવાથી મુસાફરો ગરમીમાં અકળાઈ રહ્યાં છે. જાફરાબાદ પંથકના મુસાફરો બસની સુવિધા માટે હાલાકી ભોગવી રહ્યાં છે છતાં પણ કોઈ આગેવાન આ બાબતે આગળ આવતો નથી. શહેરની સામાજિક સંસ્થાઓ આ બાબતે રજૂઆત કરીને થાકી ગઈ પરંતુ એસ.ટી.ના અધિકારીઓ જાફરાબાદ પંથકની જનતાને એસ.ટી.બસની સુવિધા આપવા માટે કોઈ કાર્યવાહી કરતા નથી. આગામી સમયમાં ચૂંટણીનો માહોલ હોય ત્યારે જો જાફરાબાદની જનતાને એસ.ટી.બસની પુરતી સુવિધા નહી મળે તો ચૂંટણીમાં રાજકિય પક્ષોને ગંભીર પરિણામો ભોગવવા પડશે તેવી ચર્ચા શરૂ થઈ છે.

# અમરેલી જિલ્લામાં સૌની યોજના મારફત નર્મદાનું પાણી છોડવા માંગ

પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંધાડે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

અમરેલી,તા.૫

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાય દિવસોથી કાળઝાળ ગરમી પડી રહી છે. જેના કારણે નદી-નાળા અને ચેકડેમ સુકાઈ ગયા છે. સૌરાષ્ટ્રને સૌની યોજનામાંથી પાણી આપવા માટેની પાઈપલાઈન પૂર્ણતાને આરે છે. ત્યારે ગયા વર્ષે ખંભાળા, સુખપુર, નીલવડા, ચમારડી, બળેલ પીપરીયા, તોરી, રામપુર સહિતના ગામોમાં નર્મદાના નીર પહોચ્યા હતા. હાલ ખેતી અને



પીવાના પાણીની કારમી તંગી પડી રહી છે. હાલના સમયમાં આગોતરા વાવેતર માટે પાણીની ખાસ જરૂરીયાત હોવાથી અમરેલી જિલ્લામાં સૌની યોજનામાંથી પાણી છોડી ખેડૂતો અને ગ્રામજનોની પાણીની સમસ્યા દૂર થાય તે માટે પૂર્વ મંત્રી બાવકુંભાઈ ઉંધાડે મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરી છે.

# શહેરીજનોને પ્રાથમિક સુવિધા પુરી પાડવામાં દામનગર પાલિકા નિષ્ફળ

દામનગર તા.૫

દામનગર નગરપાલિકા શહેરીજનોને પ્રાથમિક સુવિધા પુરી પાડવામાં નિષ્ફળ રહેતાં શહેરીજનોમાં ભારે રોષ ફેલાયો છે. વેરા બાબતે અવારનવાર લોકોને નોટીસ પાઠવતી દામનગર પાલિકા સફાઈ કામગીરીમાં ઉણી ઉતરી છે. સફાઈના અભાવે અનેક



વિસ્તારોમાં ગંદકીના ગંજ જામ્યા છે. તો મોટે ઉપાડે સીસીટીવી કેમેરાનું ચૂંટણી સમયે આપેલું વચન પણ શાસકો ભુલી ગયા છે. શહેરીજનોને મોળુ અને ડહોળા પાણીનું છેલ્લા ઘણા સમયથી વિતરણ કરવામાં આવી રહ્યું છે. રખડતાં ઢોરોને પુરવા માટે પાલિકા પાસે ડબ્બાની પણ વ્યવસ્થા નથી ત્યારે પાલિકાની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે.

# બાબરાના એસ.ટી. કર્મચારીની કામગીરીને વખાણવામાં આવી

બાબરા,તા.૫

બાબરાના વતની અને અમરેલી એસ.ટી.ડેપોમાં ફરજ બજાવતા યોગેશભાઈ ધોળકીયાએ અમરેલી એસ.ટી.ક્રેડિટ સોસાયટીની ચૂંટણીલક્ષી સુંદર કામગીરી કરતા એસ.ટી.મજદુર સંઘના વિક્રમભાઈ ગોહિલ અને પ્રમુખ અમરૂભાઈ કહોરે એસ.ટી.કર્મીની કામગીરીને વખાણી હતી. હાલ અમરેલી ક્રેડિટ


તસવીર : વિજય માળી

સોસાયટીની ચૂંટણી હોય ત્યારે એસ.ટી. કર્મચારીઓ વિવિધ એસટી. ડેપોનો પ્રવાસ ખેડી રહ્યાં છે.

# ધારી હિન્દુ ધર્મ સેના પ્રમુખની વરણીને આગેવાનોએ આવકારી

રાજુલા,તા.૫

અખિલ ભારતીય સંત સમિતિ ગુજરાતના પ્રમુખ નૌતમ સ્વામી અને હિન્દુ ધર્મ સેના ગુજરાતના પ્રમુખ માધવપ્રિયદાસજી સ્વામી તેમજ સૌરાષ્ટ્ર ઝોનના પ્રમુખ વિજયબાપુની સૂચનાથી ધારી શહેરના હિન્દુ ધર્મ સેનાની નવનિયુકત ટીમ જાહેર કરવામાં આવી હતી.

જેમાં ધારી શહેરના પ્રમુખ



તરીકે કશ્યપભાઈ બારોટની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ વરણીને આગેવાનોએ આવકારી છે.

# લાઠીમાં પરશુરામજીના પ્રાગટય દિનની ભક્તિભાવ સાથે ઉજવણી

અમરેલી,તા.૫

લાઠી ખાતે અખાત્રીજના પાવન પ્રસંગે પરશુરામજીના પ્રાગટય દિનની ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવી હતી. પરશુરામ જયંતીએ ભૂદેવો દ્વારા શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભૂદેવો જોડાયા હતા. શોભાયાત્રા શહેરના વિવિધ માર્ગો પર ફરી



હતી. આ પ્રસંગે બ્રહ્મસમાજના તેજસ્વી છાત્રો અને સામાજિક ક્ષેત્રે વિશિષ્ટ સેવા આપનારનું સન્માન કરવામાં આવ્યુ હતું.

# દામનગરમાં ભગવાન પરશુરામ જયંતીની ધામધૂમથી ઉજવણી

અમરેલી,તા.૫

દામનગરમાં પરશુરામ જયંતીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ ધાર્મિક પ્રસંગે બ્રહ્મસમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. શહેરમાં બ્રહ્મસમાજની વાડી ખાતેથી શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામા



આવ્યુ હતું. વિવિધ વિસ્તારો જય પરશુરામ અને હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠયા હતા. મુસ્લિમ સમાજે શોભાયાત્રા દરમિયાન પુષ્પહાર કરી કોમી એકતાના દર્શન કરાવ્યા હતા. શોભાયાત્રામાં બહોળી સંખ્યામાં ભૂદેવો જોડાયા હતા. સપ્તઋષિ યુવા ગૃપ સહિત બ્રહ્મસમાજના યુવા સંગઠનો દ્વારા પરશુરામજીના પ્રાગટ્ય દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

# મહુવા-સુરત ટ્રેનને દામનગર સ્ટોપ આપવા રજૂઆત કરાઈ

અમરેલી,તા.૫

અમરેલી જિલ્લામાંથી બહોળો સમાજ હાલ સુરત સ્થાયી થયો છે. જેમાં અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓમાંથી લોકો સુરત ધંધા અર્થે સ્થાયી થયા છે. ત્યારે મહુવા-સુરત ટ્રેનનો દામનગરનો સ્ટોપ ન હોવાથી મુસાફરો આ બાબતે ભારે હાલાકી ભોગવી રહ્યાં છે. જેથી મુસાફરોની




હાલાકીને ધ્યાને લઈ ભાજપ અગ્રણી ગોપાલભાઈ વસ્તરપરાએ કેન્દ્રીય રેલમંત્રી દર્શનાબેન જરદોશ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલને પત્ર પાઠવી રજૂઆત કરી છે કે, લીલીયા, ઢસા ગામે ટ્રેનનો સ્ટોપ છે. દામનગર પંથકમાંથી મોટી સંખ્યામાં લોકો સુરત સ્થાયી થયા છે. આ લોકોને સુરત જવા માટે ઢસા સુધી લાંબુ થવુ પડે છે ત્યારે મુસાફરોની હાલાકીને ધ્યાને રાખી દામનગરનો સ્ટોપ આપવામાં આવે તેવી રજૂઆત કરી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

॥ શ્રી વલ્લભ ॥


જનરેટરની વિશાળ રેન્જ માત્ર અમરેલીમાં
Navnit HONDA GENERATORS
ગોપી સિનેમા પાસે, નવનીત હિરોની બાજુમાં,
સ્ટેશન રોડ,અમરેલી ફો. 7574827300


ડૉ. ગુંજન મોવલીયા
M.B.D.C.H. (Mumbai)
FPCC (KDAH Mumbai)
Pediatric Intensivist
PICU Fellow
કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ, મુંબઈ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોના રોગોનું નિદાન તથા સારવાર ::
Level iii NICU - નવજાત શિશુનુ સઘન સારવાર કેન્દ્ર ::
Level iii PICU - બાળકો માટેનું સઘન સારવાર કેન્દ્ર ::
રસીકરણ કેન્દ્ર (Vaccination Centre) ::
૨૪ કલાક ઈમરજન્સી સારવાર ::
સેંન્ટ્રલ ઓકસીજન સિસ્ટમ ::
દાખલ બાળકો માટે સ્પેશિયલ તથા જનરલ રૂમની સુવિધા ::
પોર્ટેબલ X ray તથા સોનોગ્રાફીની સુવિધા ::
Hamilton Ventilator (Made in Switzerland) ::
(કૃત્રિમ સ્વાસ આપવા માટેનું અતિ આધુનિક સાધન)
CPAP/HFNC ::
નવજાત શીશુ તથા સઘન બાળરોગ નિષ્ણાંત
કિલ્લોલ ચિલ્ડ્રન હોસ્પિટલ
પહેલો માળ, સેવા ભારતી હોસ્પિટલ,
કેરીયા રોડ, અમરેલી. મો. ૯૦૨૩૯ ૫૧૪૦૧

### પાલિકાએ મોટે ઉપાડે રોડ તો ખોદી નાખ્યો પરંતુ રોડની કામગીરી શરૂ કરવામાં કયું ગ્રહણ નડે છે?

# અમરેલીમાં સીસીરોડનું કામ બંધ રહેતા વિસ્તારવાસીઓમાં રોષ

અમરેલી,તા.૫

અમરેલી ભાજપ શાસિત પાલિકાએ મોટા ઉપાડે રસ્તાઓ ખોદી નાખ્યા બાદ રસ્તાનું કામ બંધ કરી દેતા વિસ્તારવાસીઓમાં પાલિકાની નીતિ સામે ભારે રોષ ફેલાયો છે. આ અંગે ધારાસભ્ય પરેશભાઈ ધાનાણીએ રસ્તાના કામો તાત્કાલિક ચાલુ કરવા માંગ કરી છે. અમરેલી પાલિકા દ્વારા વિકાસના કામ નીચે વિવિધ વિસ્તારોમાં સીસીરોડના કામો શરૂ કરવામાં આવ્યા છે. જેમાં હીરામોતી ચોકમાં આવેલ નાગેશ્વર મહાદેવના મંદિરની પાસે પણ સીસીરોડનું કામ ચાલુ કરવા માટે રસ્તાઓ ખોદવામાં આવ્યા હતા પરંતુ કોઈપણ કારણોસર આ રસ્તો ખોદી નાખ્યા બાદ રસ્તાનું કામ પાલિકા દ્વારા બંધ કરવામાં આવતા આ વિસ્તારના લોકો ભારે હાલાકી ભોગવી રહ્યાં છે. અહીં નાગેશ્વર મહાદેવનું મંદિર પણ આવેલુ હોવાથી અહીં આવતા શ્રધ્ધાળુઓ પણ બિસ્માર રસ્તાને લઈ મુશ્કેલી અનુભવી રહ્યાં છે



ત્યારે ધારાસભ્ય પરેશભાઈ ધાનાણીએ આ બાબતે જણાવ્યુ હતું કે, રોડ-રસ્તાઓના મોટા કોન્ટ્રાકટ રાખતા કોન્ટ્રાકટરો ડાઉનમાં ટેન્ડર ભરીને કામ મેળવે છે અને ત્યારબાદ અધિકારીઓ સાથે મળી રસ્તાઓના નબળા કામ શરૂ કરવામાં આવે છે. જેથી ગણતરીના દિવસોમાં જ કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલ માર્ગ પર મસમોટા ખાડાઓ પડી જાય છે. અમરેલીની જનતા પાલિકાને વેરો ચુકવે છે. પરંતુ સુવિધાના નામે જનતાને માત્ર આશ્વાસન મળે છે.

શહેરના મોટાભાગના રસ્તાઓની હાલત ખખડધજ બની જવા પામી છે. હીરામોતી ચોક પાસે આવેલ મહાદેવ મંદિર પાસે ધાનાણી શેરીના રોડ મંજૂર થયેલ છે અને ખોદાણ પણ કરેલ છે પરંતુ આ કામ અટકાવવામાં આવતા દર્શનાર્થીઓ પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. આ બાબતે ધારાસભ્યએ પ્રાદેશિક કમિશનરને પણ રજૂઆત કરી છે અને જો આગામી દિવસોમાં કામ શરૂ નહી થાય તો આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારેલ છે.

# જુની હળિયાદના મેડિકલ ઓફિસર ડો. કરમટાનો વિદાય સમારંભ યોજાયો

બગસરા તા.૫

બગસરાના જુની હળિયાદના મેડિકલ ઓફિસર ડો. ધર્મેશ કરમટા ઉચ્ચ અભ્યાસ કરવા જવાના હોવાથી તેઓએ સ્વૈચ્છિક રાજીનામું આપતા પ્રા.આ.કેન્દ્ર જુની હળિયાદ તથા તાલુકા હેલ્થ કચેરી બગસરાના તમામ સ્ટાફ દ્વારા ડો. કરમટાનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. ડો. કરમટાનું તાલુકા હેલ્થ કચેરી



બગસરાના તમામ સ્ટાફ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જુની હળિયાદના તમામ સ્ટાફ દ્વારા શ્રીફળ -પડો, શાલ ઓઢાડી અને ગિફટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે ડોકટરો અને કર્મચારીઓ હાજર રહ્યાં હતાં.

# આવતીકાલે યોજાનાર રોજગાર ભરતી મેળો મોકૂફ રખાયો

અમરેલી તા.૫

અમરેલી રોજગાર કચેરી દ્વારા આવતીકાલ તા.૭ ના રોજ સવારે ૯:૩૦ કલાકે કમાણી સાયન્સ અને પ્રતાપરાય આટ્ર્સ કોલેજ અમરેલી ખાતે આયોજિત જિલ્લા કક્ષાનો રોજગાર ભરતી મેળો અનિવાર્ય સંજોગોના કારણોસર મોકૂફ રાખવામાં આવ્યો છે. આ જિલ્લા કક્ષાના ભરતી મેળાનું આયોજન નિર્ધારિત થયા બાદ તારીખ, સમય અને સ્થળની નવેસરથી જાણ તેમજ બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવશે જેની નોંધ લેવા એક યાદીમાં જણાવાયું છે. આ અંગે વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરીના રોજગાર સેતુ કોલ સેન્ટર નં.૬૩૫૭૩૯૦૩૯૦ પર સંપર્ક કરવાનો રહેશે.

# રાજુલા નગરપાલિકા પ્રમુખ અને સદસ્યોનો સન્માન કાર્યક્રમ યોજાયો

રાજુલા તા.૫

રાજુલામાં નીતિનભાઈ પંડયા, હરેશભાઈ તેરૈયા અને દિલીપભાઈ જોશીના અધ્યક્ષસ્થાને સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજુલા છતડીયા રોડને પરશુરામ માર્ગનું નામ આપતા પ્રમુખ છત્રજીતભાઈ ધાખડા અને પૂર્વ પ્રમુખ સંજયભાઈ ધાખડાનું તેમજ ૨૮ ભાજપ અને ૨૮ કોંગ્રેસના ૫૬ લોકોને સન્માનિત



તસવીર : અમરૂભાઈ બારોટ

કરવામાં આવ્યાં હતાં. આ તકે આગેવાનોને અભૂતપૂર્વ સન્માન કરી આ નામ આપવા માટે આભાર માન્યો હતો. આ તકે મહેન્દ્રભાઈ ધાખડા, ગજેન્દ્રસિંહ પરમાર, ઘનશ્યામભાઈ વાઘ સહિતના ઉપસ્થિત રહ્યાં હતાં.

# કેરાળા ખાતે ભાગવત કથામાં હાજરી આપતાં વન મંત્રી કિરીટસિંહ રાણા

અમરેલી તા.૫

રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી કિરીટસિંહ રાણાએ કેરાળા ખાતે ચાલી રહેલી ભાગવત કથામાં હાજરી આપી કથાકાર જીજ્ઞેશદાદા પાસેથી આશીર્વાદ મેળવ્યાં હતાં. વનમંત્રીની મુલાકાત દરમિયાન લાલદાસબાપુ, જગદીશભાઈ ત્રિવેદી તેમજ સાધુ - સંતો ઉપસ્થિત રહ્યાં હતાં.



વનમંત્રીએ ચાવંડ ખાતે નર્સરીની મુલાકાત પણ લીધી હતી.

# વડિયાના રણુજાધામથી ખજૂરીના રસ્તાની કામગીરી ચકાસતા ધારાસભ્ય પરેશ ધાનાણી

વડિયા તા.૫

વડિયાના રણુજાધામથી ખજૂરી જવા માટેના બિસ્માર રસ્તા બાબતે સ્થનિક ધારાસભ્ય અને પૂર્વ વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણીને રજૂઆત મળતા તેમના દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરતા તે નોન પ્લાન



રસ્તા માટે રૂ.૧૮૦ લાખ મંજૂર કરવામાં આવ્યા હતાં. આ રસ્તાની કામગીરી ચાલુ હોય ત્યારે પોતાના મત વિસ્તારના ગામડાના પ્રવાસના સમયે તેમણે તે રસ્તાની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. અને કામ કરતા કોન્ટ્રાકટરને જરૂરી સૂચનો આપી કામગીરી સારી કરવા અનુરોધ કર્યો હતો.


માતુશ્રી ડી.બી.પટેલ એજયુકેશન ટ્રસ્ટ
કૈલાશ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ

પ્રતીક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ
મહિલા નિવાસી સંકુલ
સંચાલિત

પ્રોવિઝનલ પ્રવેશ ચાલુ છે.

શું આપ આપની દિકરીને ગુણવત્તા યુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?

- આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
- આપની દિકરી શહેરમાં હોસ્ટેલ / રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
- આપની દિકરી દૂર કોલેજમાં કો- એજયુકેશન માં શિક્ષણ મેળવે છે ?
- સંપૂર્ણ મોબાઈલ ફોન પ્રતિબંધિત કેમ્પસ !
- ટી.વી. ચેનલો. સ્માર્ટ મોબાઇલ ફોન / નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે માનસીક પ્રદુષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઈચ્છો છો ?
- દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ?
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માકર્સ સાથે ગ્રેજયુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય / બેરોજગાર ન રહે.
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ગ્રેજયુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઈથી ઉત્તીર્ણ થઈ મોભાદાર સરકારી નોકરી કલાસ - ૧, કલાસ -૨ મેળવે તેવુ ઈચ્છો છો ?
- દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
- Quantity Education ના Quality Education બદલે આપવામાં આવતું હોય
- ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતું હોય

આનો જવાબ છે ગુજરાતનું "સમસ્ત પટેલ સમાજનું"

સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ "પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ" - આટકોટ

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક કન્યા શાળા - આટકોટ
ધોરણ - ૪ થી ૮
માતુશ્રી સંતોકબા ધોળકિયા માધ્યમિક કન્યા શાળા-આટકોટ
ધોરણ - ૯ થી ૧૦
માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય-આટકોટ
ધો.૧૧ થી ૧૨ સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ
સ્કૂલ અને હોસ્ટેલમાં પ્રવેશ વર્ષ : ૨૦૨૨-૨૩માં પ્રવેશ ચાલુ છે.

Mo. +91 96872 03855 Mo. +91 94272 31583
Mo. +91 98258 27280 Mo. +91 75674 57533

તા.ક. : જસદણ તાલુકા લેઉવા પટેલ કર્મચારી મંડળ દ્વારા સંસ્થામાં અભ્યાસ કરતી સમાજની દિકરીઓ માટે ખાસ સ્કોલર શીપ


# અમરેલી એસ.ટી. વિભાગમાં એપ્રેન્ટિસ માટે અરજી કરવી

અમરેલી તા.૫

અમરેલી વિભાગ ખાતે એપ્રેન્ટિસ ની મંજૂરી સામે અમરેલી વિભાગ હેઠળના વિભાગીય મંત્રાલય અમરેલી, સાવરકુંડલા, બગસરા, ધારી, રાજુલા, ઉના અને કોડીનાર ડેપો ખાતે એપ્રેન્ટિસ એક્ટ - ૧૯૬૧ અન્વયે મે / જુલાઈ ૨૦૨૨ના ભરતી સત્ર માટે એપ્રેન્ટિસ ની ખાલી જગ્યાઓ ભરવાની થાય છે. મિકેનિક સાઈડ ધોરણ ૧૦ પાસ ફરજિયાત તથા આઈટીઆઈના ડીઝલ મિકેનિક / એમ.એમ.વી./ ઈલેક્ટ્રીશિયન / ફીટર, ટર્નર ટ્રેડમાં પાસ ઉમદેવારોની એપ્રેન્ટિસ તરીકે ભરતી કરવાની થાય છે. જેના માટે ૧૭/૫ સુધીમાં કચેરીના ચાલુ કામકાજના દિવસો દરમ્યાન અરજીપત્રક વિભાગીય કચેરી, લાઠી રોડ, અમરેલી ખાતેથી રૂબરૂમાં રૂા.૫-ની કિંમતે સવારે ૧૧ થી ૧૪ કલાક સુધીમાં મેળવી લેવાના રહેશે. તા.૧૯/૫ ના રોજ સાંજના ૧૬ કલાક સુધી ભરાયેલ અરજીપત્રકો સ્વીકારવામાં આવશે. ત્યારબાદ અરજીપત્રકો સ્વીકારવામાં આવશે નહીં. વધુ માહિતી માટે વિભાગીય નિયામકની કચેરી લાઠી રોડ અમરેલી ખાતે રૂબરૂ સંપર્ક સાધવાનો રહેશે વધુમાં આ ભરતીમાં અરજી કરનાર ઈચ્છુક ઉમેદવારોએ https// apprenticeshipindia.gov.in વેબસાઈટ ઉપર ઓનલાઈન ફરજિયાત રજીસ્ટ્રેશન કરી GSRTC Amreli પર અરજી કરવાની રહેશે.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ કયારેય સસ્તુ ન હોય, સસ્તુ કયારેય શ્રેષ્ઠ ન હોય.

નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



અમરેલી, બગસરા બાદ હવે દીવમાં....
પ્રોફેશનલ ફેમીલી બોડી સ્પા




Appointment Now } 70169 65665 { બાયપાસ, અમરેલી
Appointment Now } 95378 65665 { ઘોઘલા બીચ, દીવ




વોલ્ટાસના ઓથો.ડીલર A/C - DEEP FREEZE - BOOTLE COOLER - WATER COOLER
એવરેસ્ટ ટ્રેડર્સ(રેફ્રીજરેશન) મો.૯૮૨૫૩ ૩૫૬૪૫ સર્વિસ નં.૭૦૧૬૩ ૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

# લાઠીના બાઈ દુધાળામાં મહિલા પર બળાત્કાર ગુજારનારનું નામ જાહેર કરતા હુમલો કરાયો


અમરેલી, તા. ૫

લાઠી તાલુકાના બાઈ દુધાળા ગામે મહિલાના ઘરમાં પાડોશમાં રહેતા શખ્સે ગૃહપ્રવેશ કરી બળાત્કાર ગુજાર્યા બાદ ગઈકાલે મહિલાએ આબરૂ લૂંટનારનું નામ જાહેર કરતા ૪ શખ્સો દ્વારા હુમલો કરી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. હુમલા અંગે મહિલાના પુત્રએ ૪ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. જ્યારે બળાત્કાર અંગે મહિલાએ પાડોશી શખ્સ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, તા. ૩ ના રોજ રાત્રે મહિલા પોતાના ઘરે મોટા અવાજથી બોલી રહી હતી કે, વિશાલે મારી આબરૂ લીધેલ છે. જે પાડોશમાં રહેતા વિશાલ ગોહીલ, પ્રદિપ ગોહીલ તથા નંદુબેન ગોહીલ નામના શખ્સો સાંભળી જતા ઘર બહાર આવી વિશાલે ગાળો બોલી લાકડા વડે માર માર્યો હતો. જ્યારે પ્રદીપે મહિલાને ઢીકાપાટુનો માર માર્યો હતો. જ્યારે નંદુબેને મહિલાના પતિને માર માર્યો હતો. ત્યારબાદ નંદુબેને તેમની આંખમાં ચટણી નાખી હતી અને વિશાલે લાકડા વડે માર માર્યો હતો. દરમિયાનમાં દિપક નામના શખ્સે મહિલાના પુત્રને પાવડા વડે માર માર્યો હતો. આ ઘટનામાં મહિલાના પતિને લોહીયાળ ઈજા થઈ હતી. વિશાલે મહિલાને મારી નાખવાની ધમકી આપી હતી. મહિલાના પુત્રએ આ ફરિયાદ નોંધાવ્યા બાદ બપોરે મહિલાએ વિશાલ ગોહીલ સામે ફરિયાદ નોંધાવી હતી. તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૩૦-એપ્રિલના રોજ તેઓ ઘરે એકલા હતા ત્યારે વિશાલે બળાત્કાર ગુજારી કોઈને વાત કરીશ તો મારી નાખવાની ધમકી આપી હતી.

# સનાળા પ્રા. શાળાની દિવ્યાંગ વિદ્યાર્થિની લાંબી કૂદમાં જિલ્લા કક્ષાએ પ્રથમ નંબરે

## સો મીટર દોડમાં પણ બીજો ક્રમ મેળવી અનોખું ઉદાહરણ પૂરૂ પાડ્યું



કુંકાવાવ, તા. ૫

ખેલ મહાકુંભની લાંબી કૂદ સ્પર્ધામાં કુંકાવાવ આઈ.ઈ.ડી. વિભાગની સનાળા પ્રાથમિક શાળાની દિવ્યાંગ ખેલાડી સરેણા શિવાલીએ જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. તેમજ તેણીએ સો મીટર દોડમાં પણ દ્વિતીય સ્થાન મેળવી તાલુકાનું ગૌરવ વધાર્યું છે. શિવાલીએ આ સિદ્ધિ હાંસલ કરી અનોખુ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. આ જ રીતે કુંકાવાવના ઈશ્વરીયા પ્રાથમિક શાળાના વિદ્યાર્થી ગોહીલ સાહિલે સો મીટર દોડમાં દ્વિતીય સ્થાન તેમજ લાંબી કૂદમાં જિલ્લા કક્ષાએ દ્વિતીય સ્થાન મેળવ્યું છે. જ્યારે કુંકાવાવના વતની અને બી ફૌજી ટીમના સંચાલક ભૂમિબેન મહેતાએ ચક્રફેંકમાં પ્રથમ તથા ગોળાફેંકમાં પણ જિલ્લા કક્ષાએ પ્રથમ આવી કુંકાવાવ અને બી ફૌજી ટીમનું ગૌરવ વધારતા ટ્રેનર કિરીટભાઈ જોષી સહિતે અભિનંદન પાઠવી શુભેચ્છા આપી હતી.

### પાલિકાના વિપક્ષ નેતા દ્વારા પ્રાદેશિક કમિશનરને પત્ર પાઠવી તપાસની માંગ

# અમરેલી નગરપાલિકાના અધિકારીઓ, પદાધિકારીઓ સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ

અમરેલી, તા. ૫



અમરેલી નગરપાલિકાના વિપક્ષ નેતા દ્વારા પાલિકાના શાસનકર્તાઓ, અધિકારીઓ તથા પદાધિકારીઓ સામે ભ્રષ્ટાચારનો આક્ષેપ કરી પ્રાદેશિક કમિશનરને પત્ર પાઠવી તપાસની માંગ કરી છે.

સમીર કુરેશીએ પત્રમાં જણાવ્યું કે, પાલિકા તરફથી ૩ વર્ષની ગેરંટીવાળા સીસીરોડનું રિપેરીંગ કરેલ નથી અને કરેલ છે તો સામાન્ય ડામરની છાંટ મારી તેની ઉપર સ્ટોન પાઉડર છાંટી કોન્ટ્રાક્ટર પાસેથી મોટી રકમ ચાંઉ કરી મિલાપીપણુ કરી ભ્રષ્ટાચાર કરેલ છે. પાલિકાના હાલના શાસનકર્તાઓ પોતાના ભળતા નામથી કર્મચારી આઉટ સોર્સિંગ એજન્સી ઉભી કરી પોતાની રીતે મોટી સંખ્યામાં કર્મીઓ રાખેલ છે. જેમાં ૫૦%થી વધુ ખોટા છે અને આ શાસનકર્તા પગારની રકમ પોતાના ખિસ્સામાં મૂકી દે છે. આ સહિત ૭ મુદ્દાઓ વિગતવાર જણાવી સણસણતા આક્ષેપો કરવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

# ઢોળવા રોડ પર આઈસર પલટી મારી ગયાની ઘટનામાં ચાલક સામે ફરિયાદ

અમરેલી, તા. ૫

ગઈકાલે ભેંસાણના ઢોળવાથી વડિયા તરફ જતા રોડ પર આઈસર પલટી મારી ગયાની ઘટનામાં ૨૭ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ બનાવ અંગે આઈસર ચાલક સામે વડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બાબરા તાલુકાના ગરણીના ઉમેશભાઈ બાબુભાઈ કીડીયા (ઉ.વ.૨૧) દ્વારા આઈસર ચાલક મુકેશભાઈ પીલુકીયા સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે કે, તેમણે પોતાના આઈસરમાં આશરે પચાસેક માણસોને બેસાડી બેફિકરાઈથી માનવ જિંદગી જોખમાય તે રીતે ચલાવતા આઈસર પલટી મારી ગયું હતું. જેમાં આઈસરમાં બેસનાર માણસોને નાની-મોટી ઈજા તથા ફ્રેક્ચર થયા હતા. અકસ્માત બાદ મુકેશભાઈ પીલુકીયા નાસી છૂટ્યા હતા. ઉમેશભાઈની ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### સાવરકુંડલાની મંગલમ સોસાયટીમાં

# રોડનું કામ નબળું કરતા હોવાનું કહી સુપરવાઈઝરને ધમકી અપાઈ


અમરેલી,તા. ૫

સાવરકુંડલાની મંગલમ સોસાયટીમાં રોડનું કામ નબળું કરતા હોવાનું કહી સુપરવાઈઝરને બે શખ્સો દ્વારા ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપવામાં આવતા સાવરકુંડલા ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ફરિયાદમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, સાવરકુંડલાના જેસર રોડ પર મંગલમ સોસાયટીમાં પાલિકા હસ્તકના રોડ બનાવવાનું કામ ચાલતું હોય, જેના સુપરવાઈઝર તરીકે ગીરીશભાઈ વિષ્ણુસ્વામી ત્યાં હાજર હતા ત્યારે દુર્લભજીભાઈ જીયાણી તથા જયસુખભાઈ નામના શખ્સોએ આ કામના સ્થળે જઈ સુપરવાઈઝરને રોડનું કામ નબળું કરો છો તેમ કહી જેમ ફાવે તેમ ગાળો ભાંડી જાનથી મારી નાખવાની તથા ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપી હતી. આ ઘટનાને પગલે સુપરવાઈઝર ગીરીશભાઈએ બંને સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# સા.કુંડલામાં સેવાભાવી દ્વારા અખાત્રીજે ૧૨૦૦ મણ નીરણ ગૌશાળાને અર્પણ

અમરેલી,તા.૫



સાવરકુંડલામાં આવેલી ગૌશાળા ખાતે સેવાભાવી જયેશભાઈ માટલીયા દ્વારા અખાત્રીજના પાવન પ્રસંગે ૧૨૦૦ મણ નીરણ અર્પણ કરવામાં આવી છે. સાવરકુંડલા શહેરની ગૌશાળા ઉપરાંત કરજાળા ખાતે આવેલ ગૌશાળા, વાવેરાની ગૌશાળા તેમજ શહેરમાં રખડતી ગાયોને ૧૨૦૦ મણ કરતા વધારે નીરણ અર્પણ કરવામાં આવી હતી. આ તકે ગૌસેવક પ્રતાપભાઈ ખુમાણ, અમરૂભાઈ ખુમાણ, અતુલભાઈ જાની સહિતનાઓ દ્વારા નીરણ પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# હાથીગઢ તથા કુતાણામાં ચોરી મામલે ૪ શખ્સો સામે બે એફઆઈઆર

અમરેલી, તા. ૫

લીલીયા તાલુકાના હાથીગઢ ગામે પાંચ તલાવડા ગામની સીમમાં તથા કુતાણા ગામે ઝટકા મશીન, પાવર માટેની બેટરી, મોટર સહિતની વસ્તુઓની ચોરી મામલે ૪ શખ્સો સામે બે એફઆઈઆર થઈ છે. જેમાં સંજયભાઈ ધોરાજીયાએ હરેશ વાઘેલા, સુરેશ વાઘેલા, બાબુ ખુમાણ તથા કિરીટ ખુમાણ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, હરેશ અને સુરેશે તેમની વાડીમાંથી ઝટકા મશીન સહિતની વસ્તુની ચોરી કરી હતી અને આ મુદ્દામાલ બાબુ ખુમાણ તથા કિરીટ ખુમાણે રાખી આ ગુનામાં મદદગારી કરી હતી.

જ્યારે ભાવેશભાઈ જોગરાણા નામની વ્યક્તિએ આ ચારેય શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી કે, પ્રથમ બે શખ્સોએ તેમના મકાન પાછળ આવેલ પ્લોટમાં પ્રવેશ કરી મોટરની ચોરી કરી હતી અને ચોરીનો આ મુદ્દામાલ બાબુભાઈ અને કિરીટભાઈએ પોતાની પાસે રાખી ગુનામાં મદદગારી કરી હતી.

# અલ્ટ્રાટેક સિમેન્ટ કોવાયા માઈન્સ ખાતે અમૃત મહોત્સવની ઉજવણી



રાજુલા, તા. ૫

અલ્ટ્રાટેક સિમેન્ટ કોવાયા માઈન્સ ખાતે અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે નરેન્દ્ર રાજ્યગુરૂ, બાવાભાઈ લાખણોત્રા, ડો. કૃતિકા ઉપાધ્યાય, દિનેશ પાંડે, રાજેશ ઠાકરે, વિવેક ઉપલાંચીવાર સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે સ્વચ્છતા અને સ્વાસ્થ્ય વિશે ચર્ચા કરવામાં આવી હતી.

# સગીરાના નામ સાથે આઈ લવ યુ જેવા શબ્દો લખી બદનામી કરી

અમરેલી, તા. ૫

અમરેલીની એક સગીરાના નામ સાથે શખ્સે આઈ લવ યુ જેવા શબ્દો એડિટીંગ કરી વોટ્સએપ સ્ટેટસમાં મૂકી લગ્ન કરવા માટે ધમકી આપી હતી. અમરેલીની સગીરાએ ફરિયાદ નોંધાવ્યા પ્રમાણે વેરાવળના સતનામસિંગ જુણીએ તેના વોટ્સએપ નંબર ઉપર તેના ફોટામાં એડિટીંગ કરી તેણીના નામ સાથે આઈ લવ યુ જેવા શબ્દો એડિટીંગ કરી, તેણીના લગ્ન બીજે ક્યાંય ન થાય તે માટે બદનામ કરવાના ઈરાદે બીજાને બતાવવા માટે વોટ્સએપ સ્ટેટસમાં મૂકી વાયરલ કર્યો હતો. એટલું જ નહીં આ શખ્સે સગીરા તેની સાથે લગ્ન નહીં કરે તો તેણીને તથા તેના પરિવારને મારી નાખવાની તેણીના પિતાને ધમકી આપી હતી. તેમજ સતનામસિંગના પિતા મનુસિંગે પણ પુત્રની તરફેણ કરી સગીરાના પિતાને ફોન પર ધમકી આપી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૧૪૪૩, તિથિ: પાંચમ, તા. ૦૬-૦૫-૨૦૨૨, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૦૭, સૂર્યાસ્ત-૦૭:૦૫, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: આદ્રા

## દૈનિક રાશિફળ

તા.૦૬-૫-૨૦૨૨ શુક્રવાર

- મેષ : આજે તમે શાંતિથી દિવસ પસાર કરશો. આ દિવસે તમારે તમારા વડીલોના આદેશોનું પાલન કરવું પડશે.
- વૃષભ : આજે તમારા માટે પ્રગતિનો દિવસ છે. કાર્યસ્થળ પર અનુકૂળ વાતાવરણ રહેશે એટલે સફળ થશો.
- મિથુન : આર્થિક દ્રષ્ટિકોણથી દિવસ સંતોષકારક રહેશે, છતાં પૈસા સંબંધિત કામોમાં સ્પષ્ટતા રાખો.
- કર્ક : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. સાથીઓ ઓફિસમાં સહયોગ ઘટાડશે, મન પરેશાન થઈ શકે છે.
- સિંહ : આ દિવસે તમારો નિત્યક્રમ થોડો અશાંત રહી શકે છે. તમે તમારા પોતાનામાં વ્યસ્ત રહેશો, કાર્ય પૂર્ણ નિષ્ઠાથી કરી શકશો.
- કન્યા : આજે તમે જાહેર કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપશો. બપોર સુધીનો સમય વ્યસ્ત રહેશે.
- તુલા : આજે તમારી અંદર વધુ ચંચળતા રહેશે. જો મન કોઈ એક નિર્ણયને વળગી નહીં રહે તો લાભની તકો ખોવાઈ શકે છે.
- વૃશ્ચિક : આજે સિદ્ધિનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી કોઈપણ કાર્ય પૂર્ણ કરવા ઉતાવળ રહેશે.
- ધન : આજનો દિવસ તમારા માટે વિપરિત પરિસ્થિતિવાળો હોઈ શકે છે. ધાર્મિક ક્ષેત્રની યાત્રા પણ થશે.
- મકર : આ દિવસે તમારી પોતાની ભૂલથી નુકસાન પહોંચાડી શકો છો.
- કુંભ : તમારા માટે આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. નાણાકીય રીતે આજનો દિવસ ઓછો નફાકારક રહેશે.
- મીન : તમારે અનેક કાર્યોનો સામનો કરવો પડશે. ખર્ચ આવક કરતા વધારે હોઈ શકે છે, પરંતુ ફક્ત જરૂરી કામોમાં ખર્ચ કરશો.

# મોટા ઉજળામાં ઠપકો આપવા જતા મામલો બગડ્યો, ઈંટોના છુટ્ટા ઘા કર્યા

અમરેલી, તા. ૫

વડીયા તાલુકાના મોટા ઉજળા ગામે ઠપકો આપવા જતા મામલો બગડ્યો હતો અને ઈંટોના છુટ્ટા ઘા કરી ઈજા પહોંચાડી મારી નાખવાની ધમકી આપવામાં આવતા ચકચાર મચી જવા પામી હતી. ઘટનાને લઈ ૪ શખ્સો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ગાંગજીભાઈ વાડદોરીયાએ લાલજીભાઈ વાડોદરીયા, કાબાભાઈ, અશોકભાઈ તથા મુક્તાબેન વિરૂધ્ધ ફરિયાદ નોંધાવ્યા મુજબ, ગાંગજીભાઈના દીકરાને ડાયાબીટિસ હોય અને લાલજીભાઈના દીકરાએ માર મારતા ફરિયાદી તેમને ઠપકો આપવા જતા લાલજીભાઈએ ગાળો ભાંડી નળીયાનો છુટ્ટો ઘા મારી ઈજા પહોંચાડી હતી. અન્ય બે શખ્સોએ પણ ઈંટોના છુટ્ટા ઘા કરી, એક વ્યક્તિને લાકડીનો ઘા માર્યો હતો. મુક્તાબેને મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સા.કુંડલામાં ટ્રેક્ટર પકડાવ્યાની શંકામાં યુવક પર હુમલો કરી ધમકી અપાઈ

અમરેલી, તા. ૫

સાવરકુંડલામાં પોલીસને માહિતી આપી ટ્રેક્ટર પકડાવ્યાની શંકા રાખી યુવક પર હુમલો કરી મારી નાખવાની ધમકી આપવામાં આવતા યુવકને લોહીયાળ ઈજા પહોંચતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. યુવકે બે શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સાવરકુંડલામાં કેવડાપરા તાડીયા પાસે રહેતા જીણાભાઈ રમેશભાઈએ જયદીપ લુણી તથા અશ્વિન લુણી સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, જયદીપનું રેતીનું ટ્રેક્ટર પોલીસે પકડેલ હોય અને તેની સામે કેસ થયો હોય, જે ટ્રેક્ટર તેમણે પકડાવ્યું હોવાનો અંદાજ રાખી તેના મનદુ:ખમાં આ બંને શખ્સોએ તેમને ગાળો આપી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમજ અશ્વિને કડલું તેમના માથાના ભાગે મારી દેતા છ ટાંકા આવ્યા હતા. શખ્સોએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે તપાસ હાથ ધરી છે.






★ કાર ★ બાઈક ★ ટ્રેક્ટર ★ ટ્રક ★ બસ
તમામ વાહન માટે રેડીયલ તેમજ ટ્યુબલેશ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ
વ્હીલ-પ્લેટ-ઘરા, જેક-ફીલ્ટર
ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
TVS TYRES YOKOHAMA CEAT Veedol BOSCH HP
MRF JK TYRE MICHELIN Castrol TAPARIA
સંજય ટાયર્સ બસસ્ટેશન રોડ, અમરેલી
સંજય ટ્રેડ લીંક ટોયોટા શોરૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી

તંત્રી સ્થાનેથી

# અમેરિકન સેનેટમાં એચ-વનબી વિઝાનો કાયદો રજૂ કરવામાં આવ્યો

અમેરિકા જે વિજ્ઞાન અને ટેકનોલોજીમાં સુપર પાવર છે આનું કારણ એ છે કે ભારત જેવા દેશના બુદ્ધિશાળી લોકો ત્યાં જઈ અમેરિકન કંપનીઓમાં સર્વોત્તમ કામ કરે છે જેને કારણે આજે વિશ્વમાં અમેરિકા નંબર વન છે. આજે સિલિકોન વેલીથી માંડી અમેરિકાના મોટાભાગના શહેરોની ટોપ ટેન કંપનીઓમાં ભારતના યુવાન-યુવતીઓ જે કામ કરી રહ્યા છે એવું કામ અમેરિકન લોકો સહેલાઈથી કરી શકતા નથી જેને કારણે ભારત જેવા દેશોના યુવાનોને ત્યાં ખૂબ જ મોટી તક મળે છે. આની સામે અમેરિકાના સ્થાનિક લોકો વિરોધ દર્શાવે છે કે ભારત જેવા દેશોમાંથી આવેલા લોકોને અમેરિકામાં મોટી તક મળે છે પરંતુ અમેરિકાના સ્થાનિક લોકોને આનાથી અન્યાય થાય છે. આના કારણે અમેરિકન સેનેટમાં એક નવો કાયદો પસાર કરવામાં આવ્યો છે. આ કાયદા વિશે એમ કહેવામાં આવે છે કે આનાથી વિદેશી કામદારોનું શોષણ રોકી શકાશે. વધારામાં એવું કહેવામાં આવ્યું છે કે નવા કાયદા મુજબ હાઈ-સ્કીલ્ડ અમેરિકન જોબ્સનું રક્ષણ કરવામાં આવશે. એચ-વનબી વિઝા અને એલ-વન વિઝા કાર્યક્રમનો સર્વગ્રાહી ઉપયોગ રોકવા પ્રભાવશાળી સેનેટરોએ યુએસ સેનેટમાં બિલ રજૂ કર્યુ છે. તેઓની દલીલ છે કે તેનાથી અમેરિકન કામદારોના હિતોનું રક્ષણ થશે અને લોકપ્રિય વિઝા કાર્યક્રમનો દુરુપયોગ કરનારી ક્વોલિફાઈડ અમેરિકનોને હાઈ-સ્કીલ્ડ જોબ્સથી વંચિત રાખનારી વિદેશી આઉટસોર્સિંગ કંપનીઓ પર પણ અંકુશ લાદી શકાશે. એચ-વનબી વિઝા નોન-ઈમિગ્રન્ટ વીઝા છે. તેના હેઠળ અમેરિકન કંપનીઓને ખાસ પ્રકારની જોબ્સ માટે કે વિશેષ ટેકનિકલ નિપુણતા ધરાવતા વિદેશી કર્મચારીઓને લાવવાની છૂટ મળે છે. ટેકનોલોજી કંપનીઓ દર વર્ષે આ માટે ભારત અને ચીનમાંથી હજારો વિદેશી કર્મચારીઓને હાયર કરે છે. ભારતીયો સહિતના વિદેશી પ્રોફેશનલ્સમાં જ એચ-વન વિઝાનો પૂરેપૂરો ક્વોટા ઉપયોગમાં લેવાઈ જાય છે. એલ-વન વિઝા તે નોન-ઈમિગ્રન્ટ વિઝા છે. તે પ્રમાણમાં ટૂંકા સમયગાળા માટે હોય છે. એચ-વનબી વિઝા અને એલ-વન વિઝા રિફોર્મ એક્ટ દ્વારા અમેરિકન કામદારો અને વિઝાધારકો સાથે છેતરપિંડી અને દૂરુપયોગ થતો અટકાવી શકાશે. તેની સાથે વિદેશી કામદારોની ભરતીને લઈને વધારે પારદર્શકતા આવશે. એચ-વનબી અને એલ-વન વિઝા રિફોર્મ એક્ટ માટે યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ સૌપ્રથમ વખત એચ-વનબી વિઝાની વાર્ષિક ફાળવણીને અગ્રતા આપે તે જરૂરી છે. તેના લીધે અમેરિકામાં શિક્ષણ મેળવનારા શ્રેષ્ઠ અને શ્રેષ્ઠતમ એડવાન્સ્ડ ડિગ્રી ધરાવતા વિદ્યાર્થીઓને એચ-વનબી વિઝામાં પ્રેફરન્સ મળશે. તેની સાથે ઊંચું વેતન મેળવતા અને ઉચ્ચ કૌશલ્ય ધરાવતા યુએસ એડવાન્સ ડિગ્રી હોલ્ડર્સને પણ અગ્રતા મળશે. એસટીઈએમનો અર્થ થાય સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ. આ કાયદામાં એચ-વનબી કે એલ-વન વિઝાધારક દ્વારા અમેરિકન કામદારનું સ્થાન નહીં આપી શકાય તેમ જણાવાયું છે. આ જ રીતે એચ-વનબી વિઝાધારકની ભરતીથી અમેરિકન કામદાર પર કોઈપણ રીતે વિપરીત અસર ન થવી જોઈએ તેમ કહેવાયું છે. તેમા કામના સ્થળે અમેરિકન કામદારના બદલે આવનાર એચ-વનબી વિઝાધારક પણ સામેલ છે.

# ઓસ્ટ્રેલિયાની ચૂંટણીમાં પણ ભારત જેવો માહોલ

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

જગતના તમામ લોકશાહી દેશોમાં ચૂંટણી આગવું મહત્વ ધરાવે છે. જે રીતે ભારતમાં ચૂંટણી સમયે નેતાઓ એકબીજા ઉપર આક્ષેપો કરે છે અને પોતાને સર્વોત્તમ સિદ્ધ કરવા પ્રયાસ કરે છે જેથી તે વધુમાં વધુ લોકોના મત મેળવી સત્તાની ખુરશી પર બિરાજમાન થઈ શકે. આ માટે તેઓ ચૂંટણી સુધી પ્રજાના મિત્ર બની જાય અને પ્રજાના કલ્યાણ માટે જ તેનો જન્મ થયો હોય તેવી એક હવા ઊભી કરે છે પરંતુ જેવી ચૂંટણી પૂરી થાય અને સત્તાનું સિંહાસન મળી જાય એટલે પ્રજાથી તેઓ દૂર થાય છે પછી પાંચ વર્ષ પછી જ દેખાય છે. જોકે આવા નેતાઓ ભારતમાં જ છે એવું નથી વિશ્વના તમામ લોકશાહી દેશોમાં આ એક સર્વસામાન્ય બાબત છે. અમેરિકા હોય કે પછી ઓસ્ટ્રેલિયા હોય ચૂંટણીનો માહોલ એક સરખો જ હોય છે. ગત મહિનાઓમાં ભારતમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ અને તેનાં પરિણામો પણ ચોંકાવનારા આવ્યા. હવે પછી આગામી થોડા મહિનામાં ગુજરાતની પણ વિધાનસભાની ચૂંટણી થવાની છે તેની તૈયારી અત્યારથી શરૂ કરી દેવામાં આવી છે. અહીં ભાજપ, કોંગ્રેસ અને આપનો ત્રિપાંખિયો જંગ છે. ઓસ્ટ્રેલિયામાં બે મુખ્ય પાર્ટી છે. હાલના વડાપ્રધાન સ્કોટ રાષ્ટ્રીય સુરક્ષાને મહત્વનો મુદ્દો બનાવી ચૂંટણી જીતવા માટેના પ્રયાસો કરી રહ્યા છે કારણ કે રાષ્ટ્રીય સુરક્ષા એ લોકોના જીવનને સ્પર્શતો પ્રશ્ન છે. વળી કોઈપણ વ્યક્તિ હોય તેને પોતાના દેશ પ્રત્યે લગાવ હોય મોટાભાગના લોકો પોતાના દેશને ચાહે છે અને આથી જ આ મુદ્દાને સંવેદનશીલ બનાવી કોઈપણ રાજકીય પક્ષ હોય તો તે રાષ્ટ્રીય સુરક્ષાને સૌથી વધુ મહત્વ આપે છે.

મોંઘવારીનો માર માત્ર ભારતના લોકોને જ નડે છે એવું નથી જગતભરમાં લોકો મોંઘવારી થી પરેશાન છે. મોંઘવારીની અસર સમગ્ર દેશની ચૂંટણી ઉપર પણ પડે છે. ભારત જ નહીં વિશ્વના તમામ દેશોમાં એવું બને છે કે પ્રજા જો નારાજ થાય તો ગમે તેવા નેતાને તરત જ ખુરશી પરથી પછાડી દે છે. તેનો તાજો દાખલો આપણી વિધાનસભાની ચૂંટણીમાં જોવા મળ્યો હતો. માત્ર ભારત જ એવો દેશ છે જ્યાં મોદીની લોકપ્રિયતા ઘટવાને બદલે વધતી જાય છે. એની સામે મોંઘવારી સામે બૂમબરાડા પાડતા કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો ઉંધે કાંધ પટકાયા છે. બીજી બાજુ જે લોકો ભાજપની વિરુદ્ધમાં બોલતા હતા અને ચૂંટણીમાં જીતવાના મોટા મોટા દાવા કરતા હતા તે લોકો પણ નામોશીભરી હારથી ઘર ભેગા થઈ ગયા છે. બીજી બાજુ ભાજપની બોલબાલા થતી જાય છે. ભારત પછી હવે આગામી ૨૧મી તારીખે ઓસ્ટ્રેલિયામાં પણ ચૂંટણી યોજાવાની છે ઓસ્ટ્રેલિયાની ચૂંટણીમાં પણ મોંઘવારીનો મુદ્દો છવાયેલો છે. વડાપ્રધાન સ્કોટ મુશ્કેલીમાં છે કારણ કે તેની સામે લોકોનો વિરોધ વધતો જાય છે. અહીં ચૂંટણીનો મુખ્ય મુદ્દો મોંઘવારી ઉપરાંત રાષ્ટ્રીય સુરક્ષાનો છે. આજે ઓસ્ટ્રેલિયા સામે સૌથી મોટો પડકાર ચાઈનાનો છે. ચાઈનાને કારણે ઓસ્ટ્રેલિયાએ ભારત સહિતના અન્ય દેશો સાથે એક સંગઠન બનાવ્યું છે ઓસ્ટ્રેલિયાના પીએમ સ્કોટ ચૂંટણી સભાઓમાં કવાડ સંગઠનના નામે લોકોને સુરક્ષાની ગેરંટી આપે છે. ઓસ્ટ્રેલિયામાં હવે પછી કઈ



સરકાર આવશે તે કોઈ કહી શકે તેમ નથી પરંતુ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મજબૂત મિત્રતા છે એ કારણે બંને દેશો વચ્ચે ઐતિહાસિક સમજૂતીઓ થઈ છે. ઓસ્ટ્રેલિયામાં કોઈપણ પક્ષની સરકાર બને તો પણ હાલની વૈશ્વિક અસ્થિરતાને કારણે ભારત અને ઓસ્ટ્રેલિયા સંબંધ આગામી સમયમાં પણ મજબૂત રહેવાના છે. ઓસ્ટ્રેલિયામાં આગામી ૨૧મી તારીખે મતદાન થવાનું છે.

ઓસ્ટ્રેલિયામાં આજકાલ ચૂંટણીનો ગરમાવો વધતો જાય છે તો ભારતમાં ગરમી વધતી જાય છે ઓસ્ટ્રેલિયા ખૂબ જ વિશાળ દેશ છે ત્યાં હવામાન અલગ પ્રકારનું છે ઓસ્ટ્રેલિયામાં જેટલી ગરમી પડે છે એટલી જ ઠંડી પડે છે. ક્યાંય ગીચ શહેરો નથી. વિશાળ ભૂમિ પર શહેરો વસેલા છે. બે મકાનો વચ્ચે પણ પૂરતું અંતર છે. ત્યાં વસ્તી ઓછી છે અને જમીન વધારે છે આથી ઓસ્ટ્રેલિયા એક એવો દેશ છે જ્યાં પ્રજા વધુ સુખી અને સંપન્ન છે. આમ છતાં ચૂંટણીમાં જે લોકમાનસ ભારતનું છે તેવું જ લોકમાનસ ઓસ્ટ્રેલિયાના લોકો પણ ધરાવે છે.

૨૧ મેના રોજ ઓસ્ટ્રેલિયાના લોકો સરકાર ચૂંટશે. વડાપ્રધાન સ્કોટ મોરિસનની લિબરલ પાર્ટી અને સાથી પાર્ટી સતત ચોથીવાર ચૂંટણી જીતવાના પ્રયાસમાં છે. સ્કોટ મોરિસન વિરુદ્ધ લેબર પાર્ટીના ઉમેદવાર એન્થની અ ૯ બ ન ે સી છે. બંને મોટી પાર્ટી ચૂંટણી જીતવા એડીચોટીનું જોર લગાવી રહી છે. આ વખતે ઓસ્ટ્રેલિયાની ચૂંટણીમાં ચીન અને મોંઘવારી સૌથી મોટા મુદ્દા બન્યા છે. ખાવા - પીવાની ચીજોના ભાવ આસમાને છે. પ્રોપર્ટીના ભાવમાં પણ ૪૦% ઉછાળો નોંધાયો છે. લોકો માટે ઘર ખરીદવું પણ મુશ્કેલ છે. જ્યારે છેલ્લાં બે વર્ષ દરમિયાન લોકોનો પગાર સરેરાશ ફક્ત બે ટકાના દરે વધ્યો છે. પીએમ સ્કોટ સુરક્ષાનો મુદ્દો ઉઠાવીને જનસભાઓમાં ચીન વિરુદ્ધ માહોલ બનાવી રહ્યા છે. મોરિસનની લિબરલ પાર્ટીનો આરોપ છે કે, મુખ્ય વિપક્ષ લેબર પાર્ટીને ચીનની નાણાકીય સહાય મળી રહી છે. આ વખતે મોરિસન થોડા વધુ મુશ્કેલીમાં છે. કોરોનાના કારણે બેરોજગારી વધી છે. વ્યાજદર વધવાથી લોકો નારાજ છે. કોરોનાના કારણે ઓસ્ટ્રેલિયામાં લાખો લોકોએ નોકરી ગુમાવી છે. આ ઉપરાંત સેન્ટ્રલ બેન્કે વ્યાજદરોમાં ૩ મેના રોજ ૦.૩૫% વધારો કરી દીધા છે. એક દસકાથી પણ વધુ સમય પછી વ્યાજદર વધ્યા છે, જેથી લોકો નારાજ છે. ૨૦૦૭માં વ્યાજદર વધતા પીએમ હાવર્ડ ચૂંટણી હારી ગયા હતા. પીએમ સ્કોટ ક્વાડ સંગઠનના નામે સુરક્ષાની ગેરંટી આપે છે. ઓસ્ટ્રેલિયાના પ્રશાંત મહાસાગર ક્ષેત્રમાં આવેલો સોલોમન આઈલેન્ડ ચીન સાથે નજદીકી વધારી રહ્યો છે. અમેરિકા, ભારત, જાપાન, ઓસ્ટ્રેલિયાના નેતાઓની 'ક્વાડ' બેઠક પહેલાં વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ જેન સાકીની સ્પષ્ટતા હતી.

હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં ચીનના પ્રભાવને રોકવા માટે અમેરિકા-બ્રિટન-ઓસ્ટ્રેલિયા વચ્ચે નવું ઓકસ સંગઠન બન્યું છે. એ સિવાય હિંદ-પ્રશાંતમાં ચીનને જવાબ આપવા અમેરિકા-ભારત-ઓસ્ટ્રેલિયા-જાપાન વચ્ચે પણ ક્વાડ નામથી ભાગીદારી થઈ છે. અમેરિકાના પ્રમુખ જો બાઈડેન પહેલી વખત ક્વાડ દેશોના નેતાઓની યજમાની કરી રહ્યા છે. ૨૪મી સપ્ટેમ્બરે અમેરિકા-ભારત-ઓસ્ટ્રેલિયા-જાપાનના નેતાઓ વચ્ચે બેઠક થશે. ક્વાડ નામથી શરૂ થયેલી ભાગીદારીના સંદર્ભે આ બેઠક મળશે. તે પહેલાં અમેરિકાએ એક મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે.

વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ જેન સાકીને પૂછવામાં આવ્યું હતું કે હિંદ-પ્રશાંત ક્ષેત્રની સુરક્ષા માટે અમેરિકા-બ્રિટન-ઓસ્ટ્રેલિયા વચ્ચે જે સંગઠન બનાવવામાં આવ્યું છે એમાં ભારત-જાપાનને સમાવવાની ગણતરી છે કે નહીં? એ સંદર્ભમાં જેન સાકીએ ભારત-જાપાનને ઓકસમાં સમાવવાની ગણતરી ન હોવાનો સંકેત આપ્યો હતો.

વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરીને સવાલ કરવામાં આવ્યો હતો કે હિંદ-પ્રશાંત ક્ષેત્રની સુરક્ષા માટે જેમ એક સાથીદાર ઓસ્ટ્રેલિયા છે એમ અમેરિકા પાસે તો ભારત પણ છે અને જાપાન પણ છે, શું ક્વાડના ભાગીદાર બંને દેશોને એમાં સમાવી શકાય તેમ છે? તેના જવાબમાં વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવે હળવા અંદાજમાં કહ્યું હતું કે તો તો આ સંગઠનનું નામ જાઓકસ કે જાઈઓકસ રાખવું પડે. એ સાથે જ તેમણે ઉમેર્યું હતુંઃ મને લાગે છે કે પ્રમુખ જો બાઈડેને ઓકસ સંગઠનની સ્થાપના કરી તે સાથે જ ફ્રાન્સ સહિતના મિત્ર દેશોને પણ એ સંકેત આપી દીધો હતો કે હિંદ-પ્રશાંતની સુરક્ષામાં બીજા કોઈને સામેલ કરવામાં આવશે નહીં.

વ્હાઈટ હાઉસનું ઓકસના સંદર્ભમાં આ સત્તાવાર નિવેદન એવા સમયે આવ્યું હતું કે જ્યારે ક્વાડના નેતાઓની બેઠક યોજાવાની હતી. આ સ્પષ્ટતા સાથે જ બાઈડેને ક્વાડના ઓસ્ટ્રેલિયા સિવાયના બે ભાગીદાર દેશો ભારત-જાપાનને સંકેત આપ્યો હોવાની શક્યતા છે કે હિંદ-પ્રશાંત ક્ષેત્રની સુરક્ષાના મુદ્દે અમેરિકાને ઓસ્ટ્રેલિયા અને બ્રિટન પર વધુ ભરોસો છે.


# શેરબજારમાં તેજી : સેન્સેક્સમાં ૪૮૪ અંકનો વધારો

મુંબઈ,તા.૦૫



ભારતીય શેરબજારમાં આજે તેજી જોવા મળી હતી. સેન્સેક્સ ૪૮૪ અંક વધી ૫૬૧૬૫ પર કારોબાર કરી રહ્યો છે. જ્યારે નિફ્ટી ૧૫૬ અંક વધી ૧૬૮૩૪ પર કારોબાર કરી રહ્યો છે. ટેક મહિન્દ્રા, ટાટા સ્ટીલ, ઈન્ફોસિસના શેર વધ્યા હતા. સેન્સેક્સ પર પર ટેક મહિન્દ્રા, ટાટા સ્ટીલ, ઈન્ફોસિસ, એસબીઆઈ, બજાજ ફિનસર્વ સહિતના શેરમાં તેજી જોવા મળી રહી છે. ટેક મહિન્દ્રા ૨.૭૧ ટકા વધી ૧૨૪૭.૦૦ પર કારોબાર કરી રહ્યો છે. ટાટા સ્ટીલ ૨.૧૨ ટકા વધી ૧૨૮૮.૧૫ પર કારોબાર કરી રહ્યો છે. જોકે નેસ્લે, રિલાયન્સ, ટાઈટન કંપની, અલ્ટ્રાટેક સિમેન્ટ સહિતના શેર ઘટીને કારોબાર કરી રહ્યાં છે. નેસ્લે ૦.૭૧ ટકા ઘટ્યો હતો. રિલાયન્સ ૦.૫૧ ટકા ઘટી ૨૬૭૯.૪૫ પર કારોબાર કરી રહ્યો છે.

## શબ્દ સંજોગ-૧૩૪૧



**આડી ચાવી :**
(૧) સૂર્ય,રવિ (૪)
(૪) અદબ, સભ્યતા (૪)
(૬) ગધેડો (૨)
(૭) નાહવાનું પાણી (૩)
(૯) સુંદર સ્ત્રી (૨)
(૧૦) કૃષ્ણ પક્ષ (૨)
(૧૧) ઘટ, કચાશ (૩)
(૧૩) પેટમાનું મોટુ આંતરડુ (૨)
(૧૫) સરોવરમાંથી ખોદેલો મોટો કાંસ (૩)
(૧૮) પક્ષ,મહોલ્લો (૨)
(૨૧) પગે ચાલતું લશ્કર (૪)
(૨૩) ભાષાંતર, અનુવાદ (૪)
(૨૬) એક દિવસની મજૂરી (૨)
(૨૭) ધૂળનો કણ (૨)
(૨૮) માતા, જનેતા (૨)
(૩૦) લક્ષ્મી (૨)
(૩૧) રામની સાથે આ હતી (૫)
(૩૨) તીર, શરનો પર્યાય અવળો (૨)

**ઉભી ચાવી :**
(૧) અંત, અંતે (૩)
(૨) સનદ, હુકમ (૪)
(૩) પ્રસંગ, ઘટના (૩)
(૪) વીસ કિલોનું માપ (૨)
(૫) ગુપ્તચર (૩)
(૮) ચહેરો, મુખ (૩)
(૧૧) હાથ, ટેક્ષ (૨)
(૧૨) દાણાદાર લોટ (૨)
(૧૪) પંચ, પંચાતિયો (૩)
(૧૬) આશ્ચર્ય, નવાઈ (૩)
(૧૭) જોખો, ફડિયો (૩)
(૧૯) અમેરિકી ચલણ (૩)
(૨૦) એક સુકો મેવો (૨)
(૨૨) યજ્ઞ કરનાર (૪)
(૨૪) રમી રહેલુ (૪)
(૨૫) ખાંડ (૩)
(૨૯) રસકસથી ભરેલુ (૨)

## શબ્દ સંજોગ-૧૩૪૦ જવાબ

**આડી ચાવી :** (૧) બુકાની (૩) પારસ (૬) લહાવો (૮) લાનત (૧૦) ભલા (૧૨) સહજ (૧૩) વાવા (૧૪) મકર (૧૬) રખે (૧૮) નીરસ (૨૧) સફર (૨૩) વેદ (૨૫) રદન (૨૭) રાજી (૨૮) દરાજ (૨૯) વનબા(બાવન) (૩૧) નસલ (૩૨) દખલ.

**ઉભી ચાવી :** (૧) બુટ ભવાની (૨) નીલ (૩) પાવો (૪) સલાહ (૫) ભાત (૭) હાકેમ (૯) નજર (૧૧) લાવારસ (૧૨) સર (૧૫) કળી (૧૭) ખેવના (૧૯) સફરજન (૨૦) હૈદરાબાદ (૨૨) રદ (૨૪) સાદર (૨૬) નવલ (૩૦) ઢેલ.

## માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૨૦૦૦ | ૨૫૭૬ |
| ઘઉં લોકવન | ૪૩૪ | ૪૭૯ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૧૯ |
| જુવાર સફેદ | ૪૪૦ | ૬૩૦ |
| જુવાર પીળી | ૩૬૦ | ૪૯૫ |
| બાજરી | ૨૭૫ | ૪૨૪ |
| તુવેર | ૭૦૦ | ૧૨૨૫ |
| ચણા પીળા | ૯૩૦ | ૧૦૦૦ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૧૭૦૦ |
| અડદ | ૮૦૦ | ૧૩૬૫ |
| મગ | ૧૧૫૨ | ૧૩૫૫ |
| વાલ દેશી | ૧૨૦૫ | ૧૯૦૦ |
| વાલ પાપડી | ૧૮૦૫ | ૧૯૪૫ |
| ચોળી | ૯૫૫ | ૧૬૭૫ |
| કળથી | ૮૨૦ | ૯૭૦ |
| સીંગદાણા | ૧૭૨૫ | ૧૮૦૦ |
| મગફળી જાડી | ૧૦૬૫ | ૧૩૩૯ |
| મગફળી જીણી | ૧૦૨૫ | ૧૨૭૦ |
| તલી | ૧૮૫૦ | ૨૧૫૦ |
| સુરજમુખી | ૧૧૫૫ | ૧૩૨૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૩૮૩ |
| અજમો | ૧૫૭૦ | ૧૯૫૦ |
| સુવા | ૧૧૪૦ | ૧૩૫૫ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૨૫ |
| સીંગફાડા | ૧૧૦૦ | ૧૭૦૦ |
| કાળા તલ | ૧૯૫૦ | ૨૩૭૦ |
| લસણ | ૧૭૦ | ૫૨૪ |
| ધાણા | ૧૭૦૦ | ૨૩૨૮ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૨૭૦૦ |
| ધાણી | ૧૮૧૫ | ૨૩૫૧ |
| વરીયાળી | ૧૬૫૧ | ૧૯૫૨ |
| જીરૂ | ૩૩૦૦ | ૪૧૫૪ |
| રાય | ૧૧૫૦ | ૧૨૮૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ઇસબગુલ | ૨૦૪૦ | ૨૩૪૫ |
| કલોંજી | ૨૧૦૦ | ૨૯૫૦ |
| રાયડો | ૧૧૭૦ | ૧૨૯૦ |
| ગુવારનું બી | ૧૧૧૦ | ૧૧૩૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૨૦ | ૫૩૦ |
| લીંબુ | ૧૧૦૦ | ૩૭૦૦ |
| સાકરટેટી | ૨૨૦ | ૩૭૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૫૦ |
| બટેટા | ૧૭૦ | ૩૫૦ |

| | | |
|---|---|---|
| ડુંગળી સુકી | ૨૧ | ૧૮૦ |
| ટમેટા | ૪૫૦ | ૮૫૦ |
| સુરણ | ૩૭૦ | ૫૬૦ |
| કોથમરી | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૫૦ | ૫૫૦ |
| રીંગણા | ૨૦૦ | ૨૮૦ |
| કોબીજ | ૨૩૦ | ૩૫૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૫૦ | ૪૫૦ |
| ગુવાર | ૪૦૦ | ૬૫૦ |
| ચોળાસીંગ | ૩૫૦ | ૫૫૦ |
| વાલોળ | ૭૫૦ | ૯૫૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૬૦ |
| કારેલા | ૨૫૦ | ૪૦૦ |
| સરગવો | ૨૦૦ | ૩૦૦ |
| તુરીયા | ૨૫૦ | ૪૦૦ |
| પરવર | ૩૫૦ | ૫૫૦ |
| કાકડી | ૧૫૦ | ૩૪૦ |
| ગાજર | ૨૦૦ | ૩૨૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| મેથી | ૪૦૦ | ૬૫૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૫૦ |
| આદુ | ૪૦૦ | ૫૫૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૨૨૦૦ | ૩૫૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૫૦ |
| ગુંદા | ૩૫૦ | ૫૫૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૨૪૦ | ૩૬૦ |
| રીંગણા | ૩૦૦ | ૩૮૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીઝ | ૧૫૦ | ૨૩૦ |
| ટમેટાં | ૮૦૦ | ૯૨૦ |
| ગાજર | ૩૦૦ | ૪૩૦ |
| દુધી | ૧૦૦ | ૧૭૦ |
| કારેલા | ૪૦૦ | ૫૫૦ |
| ગલકા | ૧૦૦ | ૨૦૦ |
| કાકડી | ૮૦ | ૧૨૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૫૦ | ૩૪૦ |
| આદુ | ૭૧૦ | ૮૦૦ |
| કોથમીર | ૭૦૦ | ૮૭૦ |

| | | |
|---|---|---|
| મેથીભાજી | ૨૮૦ | ૩૯૦ |
| ફોદીનો | ૨૦૦ | ૩૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૫૦ |
| બીટ | ૧૦૦ | ૨૩૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલા | ૪૫૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૭૦ | ૧૮૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૨૦૦ | ૩૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૪૦૦ |
| ચિભડા | ૧૦૦ | ૨૦૦ |
| કાચી કેરી | ૭૦૦ | ૯૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૨૭૦ | ૧૩૦૯ |
| શિંગ મોટી | ૯૬૬ | ૧૩૪૦ |
| શિંગ દાણા | ૧૦૦૦ | ૧૭૫૧ |
| શિંગ દાણા(ફાડા) | ૧૫૫૦ | ૧૭૫૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૧૩૯ |
| તલ કાળા | ૧૦૦૦ | ૨૨૭૮ |
| જુવાર | ૨૫૦ | ૫૭૬ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૭૯ |
| ઘઉં લોકવન | ૨૬૦ | ૪૮૫ |
| ચણા | ૬૦૦ | ૮૯૮ |
| તુવેર | ૭૧૦ | ૧૦૮૦ |
| કપાસ | ૧૨૦૦ | ૨૬૫૧ |
| એરંડા | ૧૦૬૫ | ૧૩૮૩ |
| જીરું | ૧૪૩૦ | ૩૭૩૦ |
| રાયડો | ૧૧૪૫ | ૧૧૪૫ |
| રાઈ | ૧૧૦૦ | ૧૨૦૪ |
| ધાણા | ૧૯૪૫ | ૨૨૬૯ |
| મેથી | ૭૦૦ | ૧૦૩૯ |
| ધાણી | ૧૯૫૫ | ૨૩૨૦ |
| ચણા દેશી | ૮૬૪ | ૯૩૦ |
| વરીયાણી | ૧૬૮૦ | ૧૬૮૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૧૦ | ૫૬૦ |
| બાજરી | ૩૭૦ | ૪૫૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૬૪ |
| મગ | ૧૧૦૦ | ૧૩૩૫ |
| અળદ | ૬૦૦ | ૬૫૦ |
| તુવેર | ૮૦૦ | ૮૯૦ |
| વાલ | ૮૫૦ | ૧૬૮૦ |
| મેથી | ૯૦૦ | ૧૧૮૦ |
| ચણા | ૮૦૦ | ૯૯૯ |

| | | |
|---|---|---|
| મગફળી - જીણી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૬૦ |
| એરન્ડા | ૧૩૦૧ | ૧૩૯૭ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૮૫ |
| લસણ | ૧૧૦ | ૬૩૫ |
| કપાસ | ૧૮૦૦ | ૨૪૫૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૧૪૫ |
| અજમો | ૧૪૨૦ | ૩૦૦૦ |
| અજમાની ભુસી | ૧૦૦ | ૧૯૯૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૩૨૦ |
| મરચા સુકા | ૩૦૫ | ૨૫૦૦ |
| વટાણા | ૭૪૦ | ૧૧૦૦ |
| કલોંજી | ૨૩૦૦ | ૨૮૪૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૪૬૨ | ૫૦૬ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૮૬ |
| મગફળી જીણી | ૯૨૫ | ૧૩૪૧ |
| મગફળી જાડી | ૮૨૫ | ૧૩૭૧ |
| સીંગ ફાડીયા | ૧૩૦૧ | ૧૭૫૧ |
| એરંડા/એરંડી | ૧૨૦૧ | ૧૪૦૬ |
| તલ-તલી | ૧૩૦૧ | ૨૦૯૧ |
| જીરૂ | ૨૨૦૧ | ૪૦૪૧ |
| કલંજી | ૧૩૦૦ | ૨૯૪૧ |
| ધાણા | ૧૩૦૧ | ૨૩૯૧ |
| ધાણી | ૧૪૦૧ | ૨૪૬૧ |
| લસણ સુકું | ૧૦૧ | ૫૩૬ |
| જુવાર | ૪૨૧ | ૫૮૧ |
| મકાઇ | ૪૪૧ | ૫૩૧ |
| મગ | ૯૦૧ | ૧૩૯૧ |
| ચણા | ૮૫૧ | ૯૦૬ |
| વાલ | ૧૦૦૧ | ૧૬૭૧ |
| તુવેર | ૬૦૦ | ૧૨૧૧ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૮૬ |
| રાયડો | ૧૧૫૧ | ૧૨૮૧ |
| રાય | ૧૧૦૦ | ૧૨૦૧ |
| મેથી | ૮૦૧ | ૧૧૧૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૨૦૧ |
| સુરજમુખી | ૯૨૬ | ૧૨૯૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૬૨૦ | ૨૬૫૦ |
| મગફળી | ૧૦૮૦ | ૧૨૬૫ |
| ચણા દેશી | ૯૨૬ | ૯૬૪ |
| ઘઉં | ૩૯૬ | ૫૨૦ |
| ધાણા | ૧૯૧૫ | ૨૧૭૫ |
| મેથી | ૯૧૦ | ૧૦૫૦ |
| **ભેસાણ** | | |

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૦૦ | ૨૫૬૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૭૦ |
| ચણા | ૮૦૦ | ૯૧૨ |
| તુવેર | ૮૦૦ | ૧૦૦૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૨૪૨ |
| શિંગ ફાડા | ૧૫૦૦ | ૧૯૨૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૯૦૦ |
| મેથી | ૮૦૦ | ૯૧૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૨૫૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૩૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૦૮૦ | ૧૧૩૫ |
| ચણા | ૭૬૫ | ૮૫૦ |
| ધાણા | ૧૫૧૦ | ૨૨૦૧ |
| ઘઉં | ૪૮૦ | ૪૮૦ |
| મગ | ૧૦૭૦ | ૧૦૭૦ |
| કપાસ | ૧૭૬૦ | ૨૦૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળીનવીજી-૨૦ | ૧૦૨૫ | ૧૩૭૩ |
| બાજરી હાઈબ્રીડ | ૩૬૦ | ૫૧૫ |
| ઘઉં | ૩૮૦ | ૫૨૩ |
| રાઇ | ૧૧૨૦ | ૧૨૪૨ |
| જુવાર | ૪૫૦ | ૬૦૬ |
| અડદ | ૯૨૦ | ૧૩૧૦ |
| એરંડી | ૧૧૨૫ | ૧૪૧૫ |
| ચણા | ૮૨૦ | ૯૩૬ |
| કાળા તલ | ૧૫૫૦ | ૨૨૩૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૪૦૮ |
| ચોળી | ૯૦૦ | ૧૩૬૦ |
| **રાજુલા** | | |
| બાજરો | ૩૫૦ | ૫૨૪ |
| જુવાર | ૪૦૦ | ૭૦૦ |
| ઘઉં ટુકડા | ૪૨૪ | ૪૪૨ |
| સોયાબીન | ૧૨૫૧ | ૧૩૦૦ |
| મેથી | ૧૦૫૧ | ૧૦૫૧ |
| તુવેર | ૮૦૦ | ૧૦૬૦ |
| ચણા | ૬૭૧ | ૮૮૭ |
| શીંગ | ૮૦૦ | ૧૨૭૫ |
| તલ સફેદ | ૧૫૫૦ | ૨૦૦૧ |
| એરંડી | ૧૨૭૫ | ૧૨૭૫ |
| કપાસ | ૧૩૦૦ | ૨૫૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૭૦૦ | ૨૬૦૧ |
| ઘઉં લોકવન | ૩૮૦ | ૫૨૫ |
| ચણા | ૭૦૦ | ૮૮૦ |

| | | |
|---|---|---|
| ધાણા | ૨૧૦૦ | ૨૨૮૫ |
| તુવેર | ૮૩૪ | ૯૩૫ |
| મેથી | ૮૬૦ | ૯૪૭ |
| જુવાર | ૨૬૯ | ૫૩૪ |
| મકાઈ | ૩૦૦ | ૩૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ - મોટી | ૧૨૫૦ | ૧૩૬૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૦૮૭ |
| તલ કાળા | ૧૮૨૫ | ૨૨૮૨ |
| કપાસ | ૧૭૦૦ | ૨૫૨૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૩૭ | ૬૨૦ |
| બાજરો | ૩૫૦ | ૪૮૭ |
| જુવાર | ૪૫૦ | ૬૨૫ |
| ચણા દેશી | ૮૭૫ | ૯૯૦ |
| ચણા | ૮૧૫ | ૯૧૩ |
| તુવેર | ૯૫૦ | ૧૧૪૦ |
| એરંડી | ૧૨૭૫ | ૧૪૯૨ |
| મેથી | ૮૫૦ | ૧૦૩૨ |
| સોયાબીન | --- | ૧૨૬૮ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૫૧૦ | ૨૨૪૦ |
| ચણા | ૮૬૨ | ૮૭૭ |
| મગફળી | ૧૩૪૪ | ૧૩૫૪ |
| મેથી | ૯૩૬ | ૯૮૩ |
| જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| ધાણા | ૯૫૦ | ૧૯૫૦ |
| **મહુવા** | | |
| શીંગ નં.૫ | ૧૧૮૦ | ૧૧૮૦ |
| શીંગ જી-૨૦ | ૧૨૮૯ | ૧૩૦૮ |
| જુવાર | ૨૫૦ | ૬૩૦ |
| બાજરી | ૩૬૧ | ૫૦૦ |
| અડદ | ૮૦૦ | ૧૪૩૦ |
| મગ | ૧૦૯૯ | ૨૦૫૧ |
| ચણા | ૮૨૧ | ૯૦૧ |
| તલ સફેદ | ૧૬૮૨ | ૨૦૮૦ |
| તલ કાળા | ૧૩૦૦ | ૨૧૩૬ |
| ડુંગળી સફેદ | ૬૦ | ૧૭૫ |
| ડુંગળી લાલ | ૩૦ | ૨૦૧ |
| કપાસ | ૧૪૦૦ | ૨૩૭૬ |
| નાળીયેર | ૪૯૪ | ૧૭૫૧ |
| મેથી | ૪૨૬ | ૯૨૨ |
| તુવેર | ૮૦૦ | ૮૦૦ |
| શીંગમગડી | ૧૧૮૦ | ૧૧૮૦ |
| શીંગનં.૩૯ | ૧૨૦૦ | ૧૨૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# છોટાઉદેપૂર જિલ્લામાં રૂ. ૧૩૧ કરોડના વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ, ખાતમુહૂર્ત

(સં.સ.સે.)ગાંધીનગર, તા.૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે કે હરેક સમાજ, જાતિ, વંચિત, પીડિત, શોષિત અને અંતરિયાળ વિસ્તારો સુધી સરકારની યોજનાઓનો લાભ સુપેરે પહોચાડી આપણે ગુજરાતને વિકાસનું ગ્રોથ એન્જીન બનાવ્યું છે. વિકાસની ખૂટતી તમામ કડી પૂર્ણ કરી આદિજાતિ વિસ્તારોને પણ વિકાસની મુખ્યધારામાં લાવ્યા છીએ. હજુ પણ



જરૂરિયાત મુજબના વિકાસ કામો પૂર્ણ કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે તેમ તેમણે ઉમેર્યુ હતું. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને વિઝનરી લીડરશીપમાં વિકાસની રાહે તેજ ગતિએ દોડતું ગુજરાત આજે એટલે જ દેશ-દુનિયામાં વિકાસના ગ્રોથ એન્જીન સમું રોલ મોડેલ છે.

મુખ્યમંત્રી આદિજાતિ વિસ્તાર છોટાઉદેપૂર જિલ્લામાં ૧૩૧ કરોડ રૂપિયાના ૭૦ જેટલા વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન કરવાના અવસરે સંબોધન કરી રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ. ૮૪.૫૬ કરોડના ખર્ચે નવનિર્મિત ૩ જૂથ પાણી પુરવઠા યોજનાઓના લોકાર્પણ સાથે બે પશુ દવાખાના, ૨ ગ્રામ્ય માર્ગો અને ૪૫ નવીન આંગણવાડીઓ આદિજાતિ જિલ્લાને ભેટ ધરી હતી. મુખ્યમંત્રીએ વિવિધ લાભાર્થીઓને 'મા' કાર્ડ, ગંગાસ્વરૂપા બહેનોને પેન્શન સહાય ફાળવણી પત્ર, ભુલકાંઓને કિટ વગેરે અર્પણ કર્યા હતા.

# ધો. ૧૦, ૧૨ના પરિણામ મે મહિનાના અંત સુધીમાં જાહેર થવાની શક્યતા

(સં.સ.સે.)ગાંધીનગર, તા.૫

ગઈ ૧૨ એપ્રિલના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે. જે બાદ શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામો તૈયાર કરવાની તૈયારીઓ ચાલી રહી છે.

આ કામગીરી દરમિયાન તૈયાર થયેલી વિદ્યાર્થીઓની માર્કશીટમાં ક્યારેક ભૂલ આવી




જાય તો શિક્ષણ બોર્ડ દ્વારા સુધારી દેવામાં આવશે. વિદ્યાર્થીઓને અપાતી કમ્પ્યુટરાઈઝ્ડ માર્કશીટમાં વિદ્યાર્થીનાં નામ, અટક, બેઠક નંબર, જન્મ તારીખ વગેરે સહિતની ભૂલ શિક્ષણ વિભાગ સુધારશે. જો કોઈ વિદ્યાર્થીની માર્કશીટમાં આવા પ્રકારની કોણ પણ ભૂલ જણાય તો તેના માટે ૯૦ દિવસમાં સ્કૂલ મારફતે બોર્ડમાં અરજી આપવાની રહેશે.

ડેટા એન્ટ્રી દરમિયાન ઓપરેટર દ્વારા આવી કોઈ પણ ભૂલ થઈ હશે તો શિક્ષણ બોર્ડ દ્વારા કોઈ પણ જાતની ફી વસૂલ્યા વગર આ ભૂલ સુધારી આપવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સૂત્રોના જણાવ્યા મુજબ, ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે. મે મહિનાના અંતમાં સૌથી પહેલાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામ જાહેર કરવામાં આવશે.

# અરબી સમુદ્ર પાસેથી પાકિસ્તાની બોટને ઝડપી પાડતી ભુજ બીએસએફ

(જી.એન.એસ)નવીદિલ્હી,તા.૦૫

બીએસએફ ભુજની ટીમ અરબી સમુદ્ર પાસે પેટ્રોલિંગ કરી રહી હતી. ત્યારે બીપી નંબર ૧૧૫૮ હરામી નાળા વિસ્તારમાં કેટલીક શંકાસ્પદ વસ્તુઓ બનવાની આશંકા હતી. પછી જોયું કે પાકિસ્તાની માછીમારો ત્રણ-ચાર બોટમાંથી ભારતીય જળસીમામાં ઊંડે સુધી આવી રહ્યા છે. આ પછી તરત જ પેટ્રોલિંગ પાર્ટી ત્યાં પહોંચી ગઈ.



જ્યારે પેટ્રોલિંગ ટીમ જઈ રહી હતી ત્યારે પાકિસ્તાની માછીમારો આસપાસમાં ઝાડીઓની મદદથી છુપાઈ ગયા હતા અને પાકિસ્તાની વિસ્તારમાં નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. આ પછી BSFની ટીમે એક બોટ જપ્ત કરી હતી. BSFનું કહેવું છે કે એન્જિન વગરની બોટને જપ્ત કરવામાં આવી છે. આ બોટ પાકિસ્તાનમાં બનેલી છે.

# માંગરોળ નજીક શેરીયાજ બારામાં સામાન્ય બાબતમાં બે જૂથ વચ્ચે ઘર્ષણ

(જી.એન.એસ)માંગરોળ,તા.૦૫

માંગરોળથી ૬ કિ.મી દુર આવેલા અને ત્રણેક હજારની વસ્તી ધરાવતા શેરીયાજ બારામાં ખાડીમાં જવા જેવી સામાન્ય બાબતે બોલાચાલી બાદ ઘટનાએ એકાએક મોટુ સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. જેમાં બે જૂથના લોકો વચ્ચે વાત વણસતા સામસામે પથ્થરમારો શરૂ થતા અનેક લોકોને નાની-મોટી ઈજાઓ પહોચી હતી. ઈજાગ્રસ્તોને માંગરોળ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જે પૈકી આઠને વધુ ઈજાઓ હોવાથી જૂનાગઢ રીફર કરાયા હતા. આ ઘટનાની જાણ થતા ડીવાયએસપીએ કોડીયાતર ગામે દોડી જઈ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. આ ઘટનાને લઈ ગામમાં ભયનો માહોલ પ્રસરી ગયેલ હતો. આ ઘટના અંગે બન્ને જૂથોએ સામસામી ફરિયાદ કરતા પોલીસે રાયોટીંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રોટરી ક્લબ ઓફ અમરેલી (ગીર) દ્વારા બાળકો માટે હાર્ટ કેમ્પ યોજાશે

અમરેલી, તા. ૫

રોટરી કલબ ઓફ અમરેલી (ગીર) દ્વારા તા. ૭ ને શનિવારના રોજ અમરેલીમાં દેવ ડાયગ્નોસ્ટિક હોસ્પિટલ માણેકપરા ખાતે બાળકો માટે નિઃશુલ્ક હાર્ટ કેમ્પ યોજવામાં આવનાર છે. સવારે ૯ થી બપોરે ૧૧ વાગ્યા સુધી આ કેમ્પ શરૂ રહેશે. આ કેમ્પમાં અમદાવાદના ડો. વિશાલ ચાંગલા તેમજ અમરેલીના ડો. દેવ ચૌહાણ દ્વારા બાળકોને વિનામૂલ્યે તપાસણી કરી જરૂરિયાત મુજબ ઈકો કાડિયોગ્રામ કરી આપવામાં આવશે. ઉપરાંત હૃદયમાં કાણું હોય તેવા બાળકોને એબોટ કંપનીના આર્થિક સહયોગથી વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે. આ કેમ્પમાં જિલ્લા આરોગ્ય અધિકારી પટેલ અને તેમની ટીમ, રોટરી ક્લબ ઓફ અમરેલી (ગીર)ના પ્રોજેક્ટ ચેર ડો.ભાવેશભાઈ મહેતા, રોટે. અંબરીશભાઈ રાજ્યગુરૂ, પ્રેસિડેન્ટ દેવદત્ત જાની, સેક્રેટરી પ્રતીક સંઘરાજકા, રોટે. ભાવિન અડાલજા, રોટે. સંજય પંડ્યા, રોટે. વિપુલ કાનાબાર તેમજ શ્રેયસ શાહ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. કેમ્પનો જિલ્લાના બાળકો વધારેમાં વધારે લાભ લે તેવો અનુરોધ કરાયો છે તેમ ક્લબના પબ્લિક ઈમેજ ચેર નીરવ ઝીંઝુવાડિયાની યાદીમાં જણાવાયું છે.

# ગોસાબારાના ૧૦૦ માછીમાર પરિવારો દ્વારા ઈચ્છામૃત્યુની અરજી

અમદાવાદ, તા. ૫

ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ૧૦૦ જેટલા પરિવારે એકસાથે સામૂહિક ઈચ્છામૃત્યુ માટેની અરજી કરી છે. ગોસાબારા મુસ્લિમ માછીમાર સમાજના આગેવાન દ્વારા તેમના સમાજના ૬૦૦ વ્યક્તિઓને સરકાર તરફથી અન્યાય થતો હોવાથી 'સામૂહિક ઈચ્છામૃત્યુ'ની મંજૂરી આપવા રજૂઆત કરી છે.

હાઈકોર્ટ સમક્ષ કરાયેલી આ અરજીમાં સરકાર હિન્દુ અને મુસ્લિમ માછીમારો વચ્ચે ભેદભાવ રાખી રહી છે અને પર્યાપ્ત માત્રામાં સુવિધા ન આપતી હોવાની દલીલ કરવામાં આવી છે. આ મામલે આવનાર દિવસોમાં સુનાવણી હાથ ધરવામાં આવશે. માછીમારી માટે લાયસન્સ મેળવવા માટે પણ તેમને અનેક મુશ્કેલીઓ સહન કરવાનો વારો આવે છે. જાણી જોઈને આ માછીમારોને તેમના મૂળભૂત અધિકારોથી વંચિત રાખવામાં આવી રહ્યા છે.

# ઉનાના સનખડાની પ્રાથમિક શાળામાં જીવના જોખમે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ

ઉના, તા. ૫

ઉનાના સનખડા ગામની શાળા છેલ્લા ઘણા વર્ષોથી જર્જરિત હાલતમાં છે અને વિદ્યાર્થીઓ જીવના જોખમે અભ્યાસ કરી રહ્યા છે. ગ્રામ પંચાયત સંચાલિત એમ.જી. દામાણી હાઈસ્કૂલમાં ધો. ૯ અને ૧૦ના ૩૫૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ શાળા એટલી હદે જર્જરિત બની છે કે,


તસ્વીર : કૈલાશ ભટ્ટ

ઓરડામાં સ્લેબ ઉપર તિરાડો પડી ગયેલ છે અને પોપડીઓ ઉખડી જતા લોખંડના સળીયા દેખાઈ આવ્યા છે. જેથી વિદ્યાર્થીઓ અને અભ્યાસ કરાવતા શિક્ષકોના જીવ પર જોખમ તોળાઈ રહ્યું છે. ચોમાસા દરમિયાન ઉપરથી વરસાદનું પાણી ટપકતું હોવાથી વિદ્યાર્થીઓના ભણતર ઉપર પણ ગંભીર અસર પડે છે. જેથી વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાને લઈ શાળાના બિલ્ડિંગનું નવું બાંધકામ કરવા માટે તંત્ર દ્વારા મંજૂરી આપવામાં આવે તેવી વાલીવર્ગમાં માંગ ઉઠવા પામી છે.

# ચોટીલાનો શખ્સ બે કિલો ગાંજા સાથે જામનગરમાંથી ઝડપાયો

(જી.એન.એસ)જામનગર,તા.૦૫

જામનગર શહેરમાંથી એસઓજીની ટીમે વધુ એક શખ્સને બે કિલો ગાંજાના જથ્થા સાથે ઝડપી લઈ ત્રણ શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. બાતમીના આધારે પોલીસે ગુલાબનગર વિસ્તારમાં બાતમી મુજબની રીક્ષાને આંતરીને તલાશી લેતા આકાશ કાળુ નાધોણા નામના શખ્સને રૂા.૨૦ હજારની કિંમતના બે કિલો ગાંજાના જથ્થા સાથે ઝડપી લીધો હતો તેમજ એસઓજીએ પૂછપરછ હાથ ધરતા



આ ગાંજાનો જથ્થો સુરતમાં રહેતાં પિંકુભાઈ નામના શખ્સ પાસેથી ખરીદીને જામનગરમાં રહેતાં અલી અબ્બે બ્લોચ મકરાણી નામના શખ્સને વેચાણ કરવા જતો હોવાની કેફિયત આપી હતી.

# શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટ દ્વારા રવિવારે ફ્રી કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ

રાજકોટ, તા. ૫

ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષા પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓમાં હવે આગળ શું કરવું તેની મુંઝવણ જોવા મળતી હોય છે ત્યારે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટ દ્વારા આગામી રવિવારે ફ્રી કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન



કરાવવું પડશે. રાજકોટ સ્થિત શ્રી સરદાર પટેલ ભવન ખાતે સવારે ૯ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી આ કાર્યક્રમ યોજાશે. જેમાં ધો. ૧૦ અને ૧૨ પછી શું કરવું તે અંગે સતત મુંઝવતા પ્રશ્નોનું સચોટ સમાધાન આપવામાં આવશે. કેરિયર એક્સપર્ટ એવા એક્ઝિક્યુટિવ મેજિ. ડો. તેજ બાણુગરિયા અને કેરિયર એક્સપર્ટ ડો. સી.ડી. સંખાવરા કેરિયરને લગતા પ્રશ્નોનું નિરાકરણ આપશે. આ કાર્યક્રમમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ જોડાય તે માટે શ્રી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ અને હર્ષદભાઈ માલાણીએ અનુરોધ કર્યો છે.

# ગીરગઢડાના જરગલીમાં સિંહણે વાછરડાનું મારણ કરતા ફફડાટ

ઉના, તા. ૫

ગીરગઢડાના જરગલી ગામે ગતરાત્રે સિંહણે બસસ્ટેશન પાસે વાછરડાનું મારણ કરી મિજબાની માણતા ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો હતો. ગામમાં અવારનવાર વન્યપ્રાણીઓ ઘૂસી જતા હોવાની લોકોમાંથી ફરિયાદ ઉઠી હતી. જેથી વનવિભાગ દ્વારા યોગ્ય કરવામાં આવે તેવી ગ્રામજનોએ માંગ ઉઠાવી છે.






# કોડીનાર તાલુકામાં ૩૭ વર્ષથી ફરજ બજાવતા શિક્ષકનો નિવૃત્તિ અભિવાદન કાર્યક્રમ યોજાયો

કોડીનાર, તા. ૫

કોડીનાર તાલુકામાં છેલ્લા ૩૭ વર્ષથી શિક્ષક તરીકે ફરજ બજાવતા સાંઢણીધાર ગામના ખેડૂત પરિવારમાં જન્મેલા દિપસિંહભાઈ ગોહીલ વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા તેમનો નિવૃત્તિ અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો. તેમની ફરજ પ્રત્યેની નિષ્ઠા બદલ અગ્રણીઓ તેમજ ગામલોકો દ્વારા બહુમાન સાથે તેમને વિદાય




આપવામાં આવી હતી. આ તકે દિપસિંહભાઈએ તેમનો શિક્ષક તરીકેનો ધર્મ બજાવતા રહેવાની ખાતરી આપી હતી. તેમના આ ઉચ્ચ વિચારોને લોકોએ વધાવી લઈ અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલીમાં વેસ્ટર્ન પાર્કનાં રહેણાંક મકાનમાં અચાનક આગ ભભૂકી

અમરેલી, તા.૫

અમરેલી શહેરનાં ચિત્તલરોડ પર આવેલ વેસ્ટર્ન પાર્કનાં એક રહેણાંક મકાનમાં પંખામાં શોર્ટ સર્કિટ થતા રૂમનાં બેડમાં



અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આ ઘટનાની જાણ થતા અમરેલી ફાયર બ્રિગેડનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. રહેણાંક વિસ્તારમાં આગની ઘટના બનતા લોકોમાં દોડધામ મચી જવા પામી હતી. સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી.

# ભારત-નાર્ડિક શિખર સંમેલનમાં ભાગ લેતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

કોપેનહેગન, તા.૦૫

ભારત-નાર્ડિક બીજા સંમેલનની શરૂઆત પહેલા ડેનમાર્ક, ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે અને સ્વીડનના નેતા એક સાથે જોવા મળ્યા હતા. આ નેતાઓ સાથે પીએમ મોદીની તસવીરને વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ ટ્વીટ કરી છે. તેમણે લખ્યું કે, સ્ટોકહોમમાં વર્ષ




૨૦૧૮માં ભારત અને નાર્ડિક દેશ એક મંચ પર પ્રથમવાર આ પ્રકારના શિખર સંમેલન દ્વારા આવ્યા હતા. ફ્રાન્સના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કર્યા બાદ પીએમ મોદી ભારત પરત ફરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નાર્ડિક દેશોની સરકારના પ્રમુખોએ ડેનમાર્કની રાજધાની કોપેનહેગનમાં ક્રિશ્ચિયનબોર્ગ પેલેસમાં ભારત-નાર્ડિક શિખર સંમેલનમાં ભાગ લીધો હતો. જેમાં ડેનમાર્ક, ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે અને સ્વીડનના નેતાઓએ ભાગ લીધો હતો.

# ઉત્તર ભારતમાં તોફાની પવન સાથે વરસાદ : ૧૦ના મોત

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૫

કાળઝાળ ગરમી અને હીટવેવની સ્થિતિ પછી છેલ્લા બે દિવસથી દેશના અનેક ભાગોમાં હવામાનમાં પલ્ટો થવા સાથે વરસાદ નોધાયો છે ત્યારે હવે ઓડિસા પર વાવાઝોડાનો ખતરો ઉભો થયો છે જેનાથી અનેક રાજ્યોમાં હવામાન પલ્ટાની શક્યતા છે. બીજી તરફ ઉતરપ્રદેશ, હરિયાણા, હિમાચલમાં તોફાની પવન સાથેના વરસાદથી અનેકવિધ દુર્ઘટનાઓ સર્જાતા ૧૦ લોકોના મોત નિપજ્યા હતા. કેટલાક દિવસોથી હીટવેવની સ્થિતિ બાદ ઉતર ભારતમાં વરસાદી માહોલ સર્જાતા ગરમીમાંથી રાહત મળી હતી. તાપમાનનો પારો પણ નીચો આવ્યો હતો. હવામાન વિભાગે એમ કહ્યું છે કે એકાદ સપ્તાહ સુધી



આ પ્રકારની રાહત મળતી રહેશે. જો કે, ઉતરપ્રદેશ, હરિયાણા અને હિમાચલમાં આ હવામાન પલ્ટાથી ૧૦ લોકોનો ભોગ લેવાયો છે. હવામાન વિભાગે ઉતરપ્રદેશ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, તેલંગાણા, ઓડિસા, સિક્કીમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મિઝોરમ અને ઉતર-પૂર્વના અન્ય રાજ્યોમાં વરસાદની શક્યતા દર્શાવી છે.

# જમ્મુ કાશ્મીરમાં પ.૩ની તીવ્રતાનો ભૂકંપ : લોકો ઘરની બહાર દોડ્યા

નવી દિલ્હી,તા.૫

જમ્મુ-કાશ્મીરની સવાર ભૂકંપના ઝાટકાથી થઈ હતી. સવારે ૫ વાગીને ૩૫ મિનિટ પર ભૂકંપના તેજ આંચકા અનુભવાયા હતા. કહેવાય છે કે, રિક્ટર સ્કેલ પર ભૂકંપના આંચકાની તીવ્રતા ૫.૩ હોવાનું સામે આવ્યુ છે. જોકે, આ ભૂકંપનું કેન્દ્રબિંદુ તાજિકિસ્તાન હોવાનું સિસ્મોમીટર પર જોવા મળ્યુ છે. જમ્મુ-કાશ્મીરના લોકો ભર ઊંઘમાં હતા, ત્યારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જમ્મુ કાશ્મીરમાં વહેલી સવારે ૫.૩૫ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેથી ડરના માર્યા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા.

અત્યાર સુધી આ ભૂકંપના આંચકામાં કોઈ જાનમાલની નુકસાની સામે આવી નથી. ભૂકંપનું કેન્દ્ર તજાકિસ્તાન હોવાનું જોવામાં આવ્યુ છે.

# બે ભારતીય વિદ્યાર્થીના સમૂહને એવોર્ડ આપી નવાજતું નાસા

(જી.એન.એસ)વોશિંગ્ટન,તા.૦૫

નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા) એ ૨૯ એપ્રિલે એક ઓનલાઈન પુરસ્કાર સમારોહની જાહેરાત કરી હતી. આ સ્પર્ધામાં ૫૮ કોલેજ અને ૩૩ હાઈસ્કૂલની ૯૧ ટીમોએ ભાગ લીધો હતો. આ વખતે અમેરિકી અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના ગ્રુપ દ્વારા એક સ્વચાલિત રોવરની ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી. જે સૌર તંત્રમાં મળતી ચટ્ટાની પિંડ (રોકી બોડી) સુધી પહોંચી શકે. પંજાબના ડિસેન્ટ ચિલ્ડ્રન મોડલ પ્રેસીડેન્સી સ્કૂલના વિદ્યાર્થીઓએ હાઈસ્કૂલ ડિવિઝનમાં એસટીઈએમ એન્ગેજમેન્ટ પુરસ્કાર જીત્યો છે. તમિલનાડુના વેલ્લોર



ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજીની ટીમને સોશિયલ મીડિયા એવોર્ડમાં કોલેજ-વિશ્વવિદ્યાલય શ્રેણીમાં વિજેતા જાહેર કરવામાં આવી છે. અંતરિક્ષ વિજ્ઞાનમાં ફરી ભારતના ભારતીય વિદ્યાર્થીઓએ કમાલ કર્યો છે. પંજાબ અને તમિલનાડુના બે વિદ્યાર્થી સમૂહે 'નાસા ૨૦૨૨ હ્યૂમન એક્સપ્લોરેશન રોવર ચેલેન્જ' નામની સ્પર્ધામાં જીત હાસિલ કરી છે.

# દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૨૭૫ કોરોના કેસ, ૫૫ના મોત

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૫

કોરોના વાયરસનાં સંક્રમણની રફતાર ફરીથી વધવા લાગી છે. ગત ૨૪ કલાક દરમિયાન દેશ આખામાં કોરોનાનાં ૩૨૭૫ નવા કેસ મળ્યાં છે. જ્યારે આ દરમિયાન ૫૫ દર્દીઓનાં મોત થઈ ગયા છે. ભારતમાં એક્ટિવ દર્દીઓની સંખ્યા ૨૦ હજારની નજીક પહોંચી ગઈ છે. બુધવારની સરખામણીએ કોરોનાનાં કેસ ૨.૨ ટકાથી વધુ છે. સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, કોરોનાનાં સૌથી વધુ કેસ દિલ્હીમાં સામે આવ્યાં છે. દિલ્હીમાં ૧૩૫૪ નવાં સંક્રમણ મળ્યાં છે. હરિયાણામાં ૫૭૧, કેરળમાં ૩૮૬, ઉત્તર પ્રદેશમાં ૧૯૮, મહારાષ્ટ્રમાં ૧૮૮ કોરોનાનાં કેસ મળ્યાં છે. રિક્વરી રેટની વાત કરીએ તો, હાલમાં ભારતમાં રિક્વરી રેટ ૯૮.૭૪ ટકા છે.

# મધ્યપ્રદેશની શાળાઓમાં ભગવાન પરશુરામના જીવનની વાતો ભણાવાશે

ભોપાલ,તા.૫

મધ્યપ્રદેશની સ્કૂલોના પાઠયક્રમોમાં હવે તાકિદે ભગવાન પરશુરામના જીવનથી જોડાયેલ વાતોને ભણાવવામાં આવશે. આ જાહેરાત ખુદ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કરી છે.



પરશુરામ જયંતી પર ભોપાલના ગુફા મંદિરમાં પરશુરામની સૌથી ઉંચી ૨૧ ફૂટની અષ્ટ ધાતુથી નિર્મિત મૂર્તિનું અનાવરણ કરવામાં આવ્યું હતું. શિવરાજસિંહ ચૌહાણે જાહેરાત કરતા કહ્યું હતું કે હું તાકિદે પાઠયક્રમ સમિતિને બોલાવી નિર્દેશ આપીશ કે ભગવાન પરશુરામજીના ચરિત્રના પાઠને પાઠયક્રમમાં સામેલ કરવામાં આવે. બધા બાળકો ભણે તો શું મુશ્કેલી છે ? બાળકો સંસ્કૃત ભણે, ભગવાન પરશુરામનો પાઠ ભણે, ભગવાન રામનો પાઠ ભણે, ભગવાન કૃષ્ણનો પાઠ ભણે, ભગવત ગીતા ભણે તેમાં શું વાધો હોઈ શકે છે. આ સનાતન સંસ્કૃતિ છે. આપણી આ સંસ્કૃતિ વિષે બાળકોને માહિતી મળવી જોઈએ. ભગવાન પરશુરામજીએ જે કામ કર્યું છે તે તો સદૈવ રહેશે.

# દિલ્હી કેપીટલ્સે હૈદરાબાદને ૨૦૮ રનનો લક્ષ્યાંક આપ્યો

મુંબઈ તા.૫



અહી રમાઈ રહેલી દિલ્હી કેપીટલ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચેની મેચમાં હૈદરાબાદે ટોસ જીતી પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લીધો હતો. દિલ્હીએ ડેવિડ વોર્નરના અણનમ ૯૨ રન તથા રોવમેન પોવેલના અણનમ ૬૭ રન તથા રીષભ પંતના ૨૬ રનના સહારે ૨૦ ઓવરમાં ૩ વિકેટે ૨૦૭ રન બનાવી લીધા હતાં. હૈદરાબાદ તરફથી ભુવનેશ્વર કુમાર, સીન અબોટ અને શ્રેયસ ગોપાલે એક - એક વિકેટ લીધી હતી. આ લખાય છે ત્યારે ૨૦૮ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં હૈદરાબાદે ૮ ઓવરમાં ૩ વિકેટે ૪૩ રન બનાવ્યાં હતાં.

# મહારાષ્ટ્રની મસ્જિદોમાં સવારની અઝાન લાઉડ સ્પીકર વગર થશે

(એ.આર.એલ),મુંબઈ,તા.૫

છેલ્લા કેટલાક દિવસોથી મહારાષ્ટ્રમાં ધાર્મિક સ્થળો પર લાઉડસ્પીકર લગાવવાના મુદ્દે વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદ વચ્ચે મુસ્લિમ ધર્મગુરુઓએ મોટો નિર્ણય લીધો છે. ૨૬ મસ્જિદોના ધર્મગુરુઓએ એક બેઠક કરીને નિર્ણય લીધો છે કે હવે સવારની નમાજ લાઉડ સ્પીકર પર નહીં થાય. રાજ ઠાકરેએ મસ્જિદોમાં અઝાન



અંગે ચેતવણી આપી હતી, બુધવારે મોડી રાત્રે દક્ષિણ મુંબઈમાં મુસ્લિમ ધર્મગુરુઓની બેઠક યોજાઈ હતી. બુધવારે મોડી રાત્રે દક્ષિણ મુંબઈની લગભગ ૨૬ મસ્જિદોના ધર્મગુરુઓની બેઠક મળી હતી. બેઠકમાં કહેવામાં આવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ હવે લાઉડસ્પીકર વગર સવારની અઝાન આપવામાં આવશે. આ બેઠક વિસ્તારની 'સુન્ની મોટી મસ્જિદ' ખાતે યોજાઈ હતી, જેમાં ભાયખલાના મદનપુરા, નાગપાડા અને આગ્રીપાડા વિસ્તારના મુસ્લિમ ધર્મગુરુઓ ભેગા થયા હતા.

# પોલીસ કર્મીએ દુષ્કર્મ આચરતાં પાલીના તમામ પોલીસ કર્મીઓ સસ્પેન્ડ

લખનૌ,તા.૫

ઉત્તર પ્રદેશના લલિતપુરમાં પોલીસ સ્ટેશનની અંદર રેપની ફરિયાદ કરવા ગયેલી કિશોરી પર પોલીસકર્મી દ્વારા જ દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. જે મામલે યોગી સરકારે મોટી કાર્યવાહી કરી છે. યોગી સરકારે ADG કાનપુર ઝોને તપાસ ચાલુ છે ત્યાં સુધી પાલી પોલીસ સ્ટેશનના તમામ પોલીસ કર્મચારીઓને ડ્યૂટી પરથી સસ્પેન્ડ કરી દીધા છે. સમગ્ર મામલામાં ડીઆઈજી રેન્જ ઝાંસી પાસેથી ૨૪ કલાકમાં રિપોર્ટ માગવામાં આવ્યો છે. બનાવ અંગે વધુ જણાવતા પોલીસ અધીક્ષક નિખિલ પાઠકે કહ્યું હતું કે, પાલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષની કિશોરીને ૨૨ એપ્રિલના રોજ તેના જ ગામમાં રહેતા ચાર છોકરાઓએ લાલચ આપી ભોપાલ લઈ ગયા, જ્યાં ત્રણ દિવસ સુધી તેની પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલાની ફરિયાદ માટે કિશોરી પોલીસ મથકે ગઈ હતી. એ દરમિયાન પોલીસ સ્ટેશન ઈન્ચાર્જે તેના પર દુષ્કર્મ ગુજાર્યું હતું.

# હરિયાણાના કરનાલ જિલ્લામાં હથિયારો સાથે ચાર સંદિગ્ધ આતંકીઓ ઝડપાયા

(જી.એન.એસ)કરનાલ,તા.૦૫

હરિયાણા પોલીસનાં હાથે મોટી સફળતા લાગી છે. પોલીસે હરિયાણાનાં કરનાલ જિલ્લામાં ૪ સંદિગ્ધ આતંકવાદીઓની ધરપકડ કરી છે. પકડાયેલાં આ સંદિગ્ધ આતંકીઓ પાસેથી ભારે માત્રામાં હથિયાર મળી આવ્યાં છે. તેઓ મોટી સંખ્યામાં ગોળીઓ અને દારુગોળો કન્ટેનરમાં લઈને જઈ રહ્યાં હતાં. પોલીસની માહિતી અનુસાર મળેલો



દારુ ગોળો RDX હોઈ શકે છે. પોલીસની માહિતી અનુસાર, આતંકવાદી ઘણી જગ્યાએ મોટી ઘટનાઓને અંજામ આપી શકતાં હતાં. ૪ સંદિગ્ધ આતંકીઓની પાસે દારુ, ગોળી, હથિયાર મળી આવ્યાં છે. કહેવામાં આવે છે કે, ગુરવારે સવારે ૪ વાગ્યે બસતાડા ટોલ પ્લાઝાથી તમામની ધરપકડ થઈ ગઈ છે. આ તમામ ઈનોવા ગાડીમાં જઈ રહ્યાં હતાં. મધુબના થાણેમાં બોમ્બ નિરોધક ટીમ હાજર હતી. શરૂઆતી તપાસમાં માલૂમ થયું કે, આ તમામ પંજાબથી દિલ્હીની તરફ જઈ રહ્યાં હતાં અને આઈબીના રિપોર્ટને આધારે નાકાબંધી કરવામાં આવી અને તેમને ઝડપી પાડવામાં આવ્યાં.

# દેશમાં કોલસા સંકટને લઈ રેલ્વેએ ૧૧૦૦ ટ્રેન રદ કરી


(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૫

દેશમાં કોલસાના સંકટને જોતાં રેલવે દ્વારા સતત પગલા ભરવામાં આવી રહ્યાં છે. કોલસાના રેકના પરિવહન માટે રેલવેએ અત્યાર સુધીમાં ઘણી ટ્રેનો રદ કરી છે. હવે ફરી એકવાર રેલવેએ ૧૧૦૦ ટ્રેનો રદ કરી છે. આ ટ્રેનોમાં મેલ એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેનોનો સમાવેશ થાય છે. મે મહિનામાં કોલસાના કારણે વીજળીની કટોકટી વધવાની આશંકા છે, જેના કારણે કોલ રેક ટ્રેનો માટે પેસેન્જર ટ્રેનો રદ કરવામાં આવી રહી છે.૨૪ મે સુધી ઓછામાં ઓછી ૧૧૦૦ ટ્રેનો રદ રહેશે. જેમાં મેલ એક્સપ્રેસ ટ્રેનોની ૫૦૦ ટ્રીપ્સ, જ્યારે પેસેન્જર ટ્રેનોની ૫૮૦ ટ્રીપ્સનો સમાવેશ થાય છે. કહેવાય છે કે, આ ટ્રેનોને એટલા માટે રદ કરવામાં આવી છે જેથી થર્મલ પાવર પ્લાન્ટને સપ્લાય કરવામાં આવતી કોલસાથી ભરેલી માલગાડીઓને સરળતાથી રસ્તો આપી શકાય, જેથી કોલસો સમયસર પહોંચી શકે.

# ગંગુબાઈ કાઠિયાવાડીએ ઓટીટી પર વિદેશોમાં ધૂમ મચાવી

(જી.એન.એસ)મુંબઈ,તા.૦૫

'ગંગુબાઈ કાઠિયાવાડી' નેટફ્લિક્સ પર અત્યાર સુધીમાં ૧૩.૮૨ મિલિયન કલાક જોવામાં આવી છે અને કેનેડા, યુનાઈટેડ કિંગડમ, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને UAE સહિત ૨૫ દેશોમાં ટોચની ૧૦ ફિલ્મમાં રહી છે. આલિયાએ ફિલ્મમાં 'ગંગુબાઈ'નું પાત્ર ભજવ્યું છે. આલિયા અને તેની માતા સોની



રાઝદાને ફિલ્મની સફળતા માટે ખુશી વ્યક્ત કરવા માટે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી મૂકી છે. નેટફ્લિક્સ પર ફિલ્મની સફળતા વિશે બોલતા, આલિયાએ કહ્યું, ''આ જોવું આશ્ચર્યજનક છે કે નેટફ્લિક્સની સાથે ભારત અને તેની બહાર પણ સારી સ્ટોરી માટે કેવી રીતે દર્શકો મળી જાય છે. 'ગંગુબાઈ કાઠિયાવાડી'ને વિશ્વભરના પ્રેક્ષકો તરફથી મળી રહેલા પ્રેમથી હું અવાચક છું. હું હંમેશા સંજય લીલા ભણસાલી સાથે કામ કરવા માંગતી હતી. આલિયા ભટ્ટ સ્ટારર ફિલ્મ ગંગુબાઈ કાઠિયાવાડી આ વર્ષે ૨૫ ફેબ્રુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી.

# ડોપિંગ ટેસ્ટનો પોઝિટિવ રિપોર્ટ આવતાં કમલપ્રિત કૌર પર પ્રતિબંધ લગાવાયો

(જી.એન.એસ)નવીદિલ્હી,તા.૦૫

ભારતીય ડિસ્કસ થ્રો કમલપ્રિત કૌરનો ડોપિંગ કેસ મામલે પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. જેથી હવે ભારતીય ડિસ્કસ થ્રોઅર કમલપ્રિત કૌર પર પ્રતિબંધ લગાવાયો છે. ભારતના સિનિયર ડિસ્કસ થ્રો ખેલાડી કમલપ્રિત કૌર સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. AIUની તપાસમાં કમલપ્રિત કૌર પોઝિટિવ આવતા




પ્રતિબંધ લગાવાયો છે. તમને જણાવી દઈએ કે, કમલપ્રિત કૌર આ રમતમાં ભારતમાં ટોપ ખેલાડીમાંથી એક છે, ત્યારે હવે તેમને સજા થતા દેશને મોટો ઝટકો લાગી શકે છે. જો કમલપ્રિત કૌર દોષિત સાબિત થાય તો તેમના પર વધુમાં વધુ ૪ વર્ષ સુધી પ્રતિબંધ લાગી શકે છે. આ મામલે વિશ્વ એથલેટિક્સ શાસી નિકાયે ટ્વીટ કરીને જણાવ્યુ હતું કે, સ્ટેનોજોલોલના ઉપયોગ કરવા મામલે AIUએ કમલપ્રિત કૌર પર પ્રતિબંધ લગાવ્યો છે. આ પદાર્થનો ઉપયોગ કરવો તે વિશ્વ એથલેટિક્સમાં ડોપિંગના નિયમનું ઉલ્લંઘન છે.

ધારાસભ્ય જે.વી. કાકડીયા, મનસુખભાઇ ભુવા સહિતના ભાજપ આગેવાનો દવાખાને દોડી ગયા

# કાગદડી ગામે વીજ શોકથી ખેડૂત અને શ્રમિકનું મોત

બન્નેના મોતથી પરિવારમાં શોકનો માહોલ

બગસરા તા.૫

બગસરા તાલુકાના કાગદડી ગામે પાણીના બોરમાંથી મોટર કાઢવા જતા ખેડૂત અને શ્રમિકને વીજશોક લાગતા બંનેના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજયા હતા. જાણવા મળતી માહિતી મુજબ બગસરાના સમઢીયાળા ગામે રહેતા જીવરાજભાઈ પુનાભાઈ ગઢીયા (ઉ.વ.૪૯) કાગદડી ગામે જયસુખભાઈ હરીભાઈ કાનાણીની કાગદડી-પીપરીયા માર્ગ પર આવેલી વાડીએ પાણીના બોરમાંથી મોટર કાઢવા ગયા હતા ત્યાં તેમની સાથે વાડીમાં ભાગીયા તરીકે કામ કરતો શ્રમિક પીન્ટુ રામજી ગરાસીયા(ઉ.વ.૨૨) મદદમાં જોડાયો હતો. પાણીની મોટર બહાર કાઢતી વખતે બોર પાસેથી પસાર થતી ૧૧ કે.વી.વીજલાઈનને લોખંડની ઘોડી અડી જતા ખેડૂત અને શ્રમિકને વીજશોક લાગતા સ્થળ પર જ બંનેના કમકમાટીભર્યા મોત નિપજયા હતા. આ ઘટનાની જાણ થતા રાજકિય આગેવાનો બગસરા સરકારી દવાખાને દોડી ગયા હતા.



મહેસાણામાં મંજૂરી વગર આઝાદીની કૂચની રેલી કરનાર

# જિજ્ઞેશ મેવાણી અને રેશ્મા પટેલ સહિત ૧૦ને ૩ માસ કેદની સજા

મહેસાણા,તા.૫

મહેસાણા શહેરમાં વર્ષ ૨૦૧૭માં પરમિશન વગર આઝાદીની કૂચની રેલી યોજનારા ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી અને NCPનાં નેતા રેશમા પટેલ સહિત ૧૦ આરોપીને કોર્ટે ૩ મહિના કેદની સજાનો હુકમ કર્યો છે. મહેસાણા શહેરમાં આવેલા મહેસાણા એ ડિવિઝન પોલીસ મથકની હદમાં જિજ્ઞેશ મેવાણી, રેશમા પટેલ સહિત કેટલાક લોકોએ ૨૦૧૭માં આઝાદીની કૂચની રેલી પરમિશન વિના યોજી હતી. એ મામલે જે-તે સમયે મહેસાણા એ ડિવિઝન પોલીસ મથકમાં ૧૭ સામે ફરિયાદ દાખલ થઈ હતી. એ કેસમાં તપાસ પૂર્ણ થયા બાદ ચાર્જશીટ થઈ હતી. સમગ્ર કેસમાં કુલ ૧૭ આરોપી હતા, જેમાં ૧૨ આરોપી વિરુદ્ધ ચાર્જશીટ થઈ હતી તેમજ ૫-ના વિરુદ્ધ પેન્ડિંગ રાખવામાં આવી હતી. એમાં ૧૨ આરોપીમાંથી કનૈયા કુમારની ચાર્જશીટમાં તેઓ હજાર ન થતાં તેમની ટ્રાયલ માટે અલગ કેસ કર્યો હતો. ૧૨ આરોપીમાંથી એક આરોપી ગુજરી ગયા બાદ હાલમાં ૧૦ આરોપીને સજા ફટકારવામાં આવી છે.

# અમરેલી પોલીસ કન્ટ્રોલ દ્વારા કપાસિયા તેલ અંગે થયેલો મેસેજ એસપીએ રદ કર્યો

(જી.એન.એસ)અમરેલી,તા.૦૫

અમરેલી જિલ્લા પોલીસ કંટ્રોલ ઈન્ચાર્જ જે.આર.મહેતા દ્વારા પોલીસ કર્મચારી સંબોધીત એક મેસેજ આપ્યો હતો. જેમાં કહ્યું દૈનિક ખોરાકમાં નાસ્તામાં કપાસિયા તેલ વાપરવું હાનિકારક છે. આ પત્ર સોશિયલ મીડિયા ઉપર વાયરલ થતા સોશિયલ મીડિયા ઉપર રમૂજ સાથે વિવાદ ઉભો થયો હતો. અમરેલી જિલ્લા પોલીસ વડા હિમકરસિંહના ધ્યાને આવ્યા બાદ આ મેસેજને રાતે રદ કરી સ્પષ્ટતા કરી કહ્યું હતું કે, અમરેલી જિલ્લામાંથી કંટ્રોલ ઈન્ચાર્જ જે.આર.મહેતા હેડકોસ્ટબલ દ્વારા કપાસિયા તેલના ઉપયોગ આરોગ્ય માટે હાનિકારક હોય તેવો મેસેજ પાસ થયેલ હતો. જેને સંદર્ભે જણાવવાનું કપાસિયા તેલ તથા તેના શરીર ઉપર થતા વિપરીત પ્રભાવ અન્વયે કોઈ સાયન્ટિફિક આધાર પુરાવા નથી. કંટ્રોલ ઈન્ચાર્જ બિન અનુભવી હોવાને કારણે તેમજ બે દિવસથી ખાતે ફરજ બજાવતા હોય અને તેઓએ કામના ભારણ તેમજ વ્યસ્તતાના કારણે સૂચનાઓનું ખોટું અર્થઘટન કરી કપાસિયા તેલનો દૈનિક ખોરાકમાં નાસ્તામાં ઉપયોગ કરવો હાનિકારક છે અને તેનો સીધો સંબંધ હદયરોગ હુમલા સામે છે. આ કપાસિયા તેલનો ઉપયોગ ટાળવો વગેરે મતલબનો મેસેજ કંટ્રોલ ઈન્ચાર્જની સમજણફેરના કારણે તેમજ શરતચૂકના કારણે થયેલ છે.



# ૯.૬૩ અબજ ડોલરની નિકાસ સાથે ગુજરાત દેશમાં અવ્વલ ક્રમે

(સં.સ.સે.) અમદાવાદ, તા.૫

દેશના કેટલાક એવા રાજ્યો છે જ્યાં અર્થતંત્રમાં વ્યાપાર અને ઉદ્યોગનો હિસ્સો મોટો છે. ગુજરાત તેમાં સૌથી આગળ છે. ગુજરાતમાં છેલ્લા સાત દાયકાથી ફાર્મા, કેમિકલ્સ, ક્રૂડ ઓઈલ રીફાઈનીંગ, પેટ્રોકેમિકલ્સ, ટેક્સટાઈલ્સ, કેમિકલ્સ જેવા ઉદ્યોગો સ્થપાયેલા છે. કેન્દ્ર સરકારના આંકડાઓ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં દેશમાંથી કુલ ૪૦૦ અબજ ડોલરની નિકાસ થઈ હતી. દેશની નિકાસમાં આ આંકડો સૌથી વધુ છે. આની સાથે એ પણ જાણવું જરૂરી છે કે દેશની કુલ નિકાસમાં ૨૭ ટકા એટલે કે દર રૂ.૧૦૦ની નિકાસનો ચોથા કરતા પણ વધારે ભાગ ગુજરાત રાજ્યમાંથી વિશ્વના અન્ય ભાગોમાં પહોંચે છે. જાન્યુઆરી ૨૦૨૨ના ઉપલબ્ધ આંકડા અનુસાર ૯.૬૩ અબજ ડોલરની નિકાસ સાથે ગુજરાત નિકાસ ક્ષેત્રે દેશમાં અવ્વલ ક્રમ ઉપર હતું. આવી જ રીતે, દેશની નિકાસમાં સિંહફાળો આપતા જિલ્લાઓમાં પણ ગુજરાત આગળ પડતું સ્થાન ધરાવે છે. રૂ.૧૦૦૦ કરોડથી વધારાની નિકાસ ધરાવતા દેશના ટોચના ૫૦ જિલ્લાઓમાં ગુજરાતના ૧૦ જિલ્લાઓનો સમાવેશ થાય છે અને તેમાં પ્રથમ ક્રમે દેશની ક્રૂડ ઓઈલ રીફાઈનિંગનું સૌથી મોટું કેન્દ્ર જામનગર આવે છે.



# સૌરાષ્ટ્રમાંથી ૫૪ ગેરકાયદેસર હથિયાર કબજે કરતું એટીએસ

અમદાવાદ,તા.૫

ગુજરાતમાં ડ્રગ્સ જેવા નશીલા પદાર્થોની હેરાફેરી અને વેચાણ બાદ રથયાત્રા પહેલાં જ ગેરકાયદે હથિયારોના વેચાણનો પર્દાફાશ કર્યો છે. ગુજરાત ATSએ ૨ આરોપીઓને હથિયાર સાથે ઝડપી પાડ્યા હતા. ત્યાર બાદ તેમની પૂછપરછ કરતા અન્ય ૨૨ ઈસમોના નામ સામે આવ્યા હતા. જેમની પાસેથી પણ ૫૦ ગેરકાયદેસર હથિયાર કબજે કર્યા છે. ATSએ ૨૪ કલાકમાં જ આ ઓપરેશન પાર પાડ્યું હતું. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે કોઈએ સોશિયલ મીડિયામાં ફોટો પડાવી અપલોડ કરવા તો કોઈએ ગુનાહિત કૃત્ય કરવા માટે હથિયારો ભેગા કર્યા હતા. બોટાદ, સુરેન્દ્રનગર અને આસપાસના શહેર, ગામડાના લોકોએ હથિયારો ભેગા કર્યા હતા. જે રેકેટનો ATSએ પર્દાફાશ કર્યો છે.



# ગોંડલ અને કોટડાસાંગાણી પંથકમાં કરા સાથે વરસાદ

રાજકોટ, તા.૫

રાજકોટ જિલ્લામાં આજે સવારથી જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. વહેલી સવારે આકાશમાં વાદળો છવાયા હતા. બપોર બાદ વાતાવરણમાં અચાનક પલ્ટો જોવા મળ્યો હતો. ત્યારે ગોંડલ અને કોટડાસાંગાણી પંથકમાં ભારે પવન અને કરા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. આથી રસ્તાઓ પર પાણી ભરાયા હતા. વરસાદ પહેલા પવનને કારણે ધૂળની ડમરી પણ ઉડી હતી. રાજકોટ શહેરમાં હાલ વાતાવરણ ગોરંભાયું છે અને કાળા ડિબાંગ વાદળો છવાયા છે.



# રાજકોટમાં કારખાનામાંથી ૧૬ લાખ રોકડની લૂંટ કરી તસ્કરો રફૂચક્કર

રાજકોટ,તા.૫

રાજકોટના દૂધની ડેરી વિસ્તારમાં આવેલી નટરાજ ટેક્સ્ટાઈલ પ્રિન્ટ નામે કારખાનામાંથી બે દિવસ પહેલા તસ્કરોએ આઠ ફૂટની દીવાલ ફૂદી કારખાનાના ટેબલમાં રાખેલા રૂ.૧૬ લાખની રોકડ ભરેલી થેલી અને CCTV કેમેરાનું ડીવીઆર અજાણ્યા તસ્કરો લઈ જતા થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ અંગે પોલીસે આજુબાજુના સીસીટીવી ફુટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે. ફરિયાદી ભુપેન્દ્રભાઈ ગણેશભાઈ નાથાણીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે જીઈબીમાં પૈસા આપવાના હોય માટે રૂ.૧૬ લાખની રોકડ લઈ કારખાનામાં આવેલા ટેબલના ખાનામાં મૂક્યા હતા ત્યારબાદ કારખાનું રાત્રીના બંધ કરી દીધું હતું. સવારે નિત્યક્રમ મુજબ બીજા દિવસે સવારે ભુપેન્દ્રભાઈ કારખાનામાં આવી ટેબલ ચેક કરતા રૂ.૧૬ લાખની રોકડ ભરેલી થેલી ટેબલના ખાનામાં જોવા મળી નહોતી અને આજુબાજુ તપાસ કરતા થેલી ક્યાંય જોવામાં આવી નહોતી. તેમજ સીસીટીવી કેમેરા જોવા જતા તે પણ તસ્કરો લઈ ગયા હતા. ત્યારબાદ આ મામલે બાજુમાં જ કારખાનું ધરાવતા હેમંતભાઈને હકીકત જણાવી તપાસ કરતા તેના કેમેરા પણ તસ્કરો ઉઠાવી ગયા હતા.

# એમ.એસ.યુનિ.માં દેવી-દેવતાના ચિત્રોને લઈ હોબાળો

વડોદરા,તા.૫

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં આવેલી ફાઈન આર્ટ્સ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓએ પરીક્ષાના એન્યુઅલ પેઈન્ટિંગ એક્ઝિબિશનમાં પેપર કટિંગ દ્વારા હિન્દુ દેવી-દેવતાઓના આર્ટ તૈયાર કર્યા હતા. એટલે કે પેપર કટિંગમાંથી હિન્દુ દેવી-દેવતાઓના ચિત્રો બનાવવામાં આવ્યા હતા જેને લઈને વિવાદ થયો છે. એક વિદ્યાર્થીએ હિન્દુ દેવી-દેવતાઓના પેપર કટિંગમાંથી ચિત્ર બનાવ્યા હતા. તેમાં પેપર કટિંગમાં જે સમાચારો હતા તે દુષ્કર્મને લગતા સમાચારો હતા, જેથી પેપર કટિંગમાંથી બનાવેલા હિન્દુ દેવી-દેવતાઓના ચિત્રોમાં દુષ્કર્મના સમાચારોને લઈને વિવાદ થયો છે અને હિન્દુઓની લાગણી દુભાઈ હોવાની વાતને લઈને હોબાળો મચ્યો છે. આ ઉપરાંત મહિલાઓના ન્યૂડ ચિત્રો પણ બનાવ્યા છે, વિવાદ વધતા સમગ્ર આર્ટ એક્ઝિબિશન બંધ કરી દેવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિવાદ વધવાને કારણે એબીવીપી દ્વારા આવેદનપત્ર આપી અને આવા ચિત્ર બનાવનાર વિદ્યાર્થીને રસ્ટીકેટ કરવા તેમજ ફેકલ્ટીના ડીનને પણ હટાવવાની માંગ કરવામાં આવી છે.



॥ ૐ નમઃ શિવાય ॥ ॥ જય ગુરૂદેવ ॥ ॥ શ્રી હરિઃ॥
શાસ્ત્રી શ્રી વિજયભાઈ બી. જોષી
મો.૯૩૭૯૮ ૨૩૨૦૧
જયોતિષ | વાસ્તુશાસ્ત્ર
કર્મકાંડ | કથાકાર

શ્રદ્ધાંજલિ
સ્વ.મંજુલાબેન મનસુખભાઈ પાંભર
સ્વ.તા.૨-૫-૨૦૨૨ ને સોમવાર
સમજવી કઠીન છે આ સંસારની માયા,
અમર નથી રહેતી કોઈ જીવન કાયા,
રહે મૃત્યુ બાદ આ સ્મરણોની છાયા, લાગણીના
હૃદયભીના હેત તણા ઓછાયા, પ્રભુ તમારા
દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
લી.
જોરૂભાઈ ભાણભાઈ માલા (ભાણીયાભાઈ)
કુલદિપભાઈ જોરૂભાઈ માલા
કિશાન ટ્રાન્સપોર્ટ



POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ....
100 - 150 200 - 300 લીટર માં ઉપ્લબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપ્લબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો.૯૯૦૯૬૦૯૬૯૬



નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડો. ચિરાગ વી.કુબાવત (M.B.D.G.O.) Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રી રોગ પ્રસુતી તથા દુરબીનથી તથા ઓપરેશનના નિષ્ણાંત
અમરેલી જીલ્લામાં દુરબીનની થતા ગાયનેક ઓપરેશનોના પહેલા નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધા :- ■ નોર્મલ/જોખમી સિઝરીયન ડીલવરી ■ પેઈનલેસ (પીડા રહીત ડીલવરી ) 3D/4D કલર ડોપલર/ ખોડખાપણની સોનોગ્રાફી ■ ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન ■ વંધ્યત્વની વૈજ્ઞાનિક/ આધુનિક સારવાર/IUI ■ ૨૪ કલાક કાર્યરત લીફટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સ સુવિધા
ડો. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
-: ઉપલબ્ધ સુવિધા :-
■ રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
■ આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણ વાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર ■ જન્મથી ૧૭ વર્ષ સુધિના બાળકોની તપાસ/સારવાર
જુના પાંચમાળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી - મો.૯૭૨૩૭ ૯૯૦૯૧
ઓપીડી સમય
સોમ-શનિ સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮



ખરીદો
ઓરીજીનલ ગોલ્ડી ૩૩૩
ફક્ત KSF ચિન્હ વાળું જ !
સૌથી ઉત્તમ, સૌથી ફાયદાકારક
GOLDI-333 BGII
Cotton Hybrid Seeds with Bollgard II Technology
Bollgard II
અમરેલી જિલ્લો તથા ઉના અને મહુવામાં ખરીદી કરવા માટે સંપર્ક કરો
ડિસ્ટ્રીબ્યુટર : કેસર એગ્રો ડિસ્ટ્રીબ્યુટર્સ અમરેલી
+91 94268 03570, + 91 99090 03632